| | | |
|---|---|---|
| GJSK050013022023 | આંક– | |
| | કેસ દાખલ તા: | ૨૬/૦૫/૨૦૨૩ |
| | કેસ રજી.તા: | ૨૬/૦૫/૨૦૨૩ |
| | કેસ ફેસલ તા: | ૨૫/૦૬/૨૦૨૬ |
| | સમય ગાળો: | વર્ષ–માસ–દિવસ |
| | | ૦૩–૦૦–૨૯ |

**<u>–: નમુનો – અ :–</u>**

| **ખેડબ્રહમાના મે.એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ.ખેડબ્રહમા<br>ચુકાદાની તા.૨૫/૦૬/૨૦૨૬<br>ફોજદારી કેસ નં.૧૧૨૨/૨૦૨૩** | |
|---|---|
| ગુનાની કલમ | ધી આમર્સ એકટ, ૧૯૫૯ ની કલમ–૨૫(૧–બી)એ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | પાર્ટ બી.ગુ.ર.નં.૨૨૦/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | ખેડબ્રહમા પોલીસ સ્ટેશન |
| ફરીયાદી પક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી કે.એ.શાહ. |
| આરોપી | ગીરધારીરામ જોગારામ ગોદારા (જાટ), ઉ.વ.૨૫, ધંધો–અભ્યાસ, રહે.ગોદારોકી ઢાણી, આદર્શ ચુલી, બાડમેર, તા.જી.બાડમેર(રાજસ્થાન) |
| આરોપી તરફે લીગલ એઇડ એડવોકેટ | શ્રી એસ.બી.વાઘેલા. |

**<u>–: નમુનો – બ :–</u> <u>:: આરોપીની વિગત ::</u>**

| નં. | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જામીન મુકિત તારીખ | ફરીયાદ | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા.સંહિતા ની કલમ–૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **૧.** | ગીરધારીરામ જોગારામ ગોદારા (જાટ) | તા.૦૪/ ૦૪/ ૨૦૨૩ | – | ધી આર્મ્સ એકટ ૧૯૫૯ ની કલમ– ૨૫(૧–બી) એ મુજબ. | નિર્દોષ | – | – |

**:: નમુનો – ક ::**

**ફરીયાદી / બચાવ / ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ. ફરીયાદપક્ષ**

| **અનુ.** | **નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૧. | શૈલેષકુમાર બંસીલાલ બસેટાની જુબાની. | ૧૦ | પંચ સાહેદ |
| ૨. | જુજારસિંહ ગંભીરસિંહ ચાવડાની જુબાની. | ૧૫ | પંચ સાહેદ |
| ૩. | યુનુસભાઇ કાદરભાઇ બેલીમની જુબાની. | ૧૭ | સાહેદ |
| ૪. | ગોપાલભાઇ પ્રવિણભાઇની જુબાની. | ૧૮ | સાહેદ |
| ૫. | તેજસકુમાર જયરામભાઇ દેસાઇની જુબાની. | ૧૯ | ફરીયાદી |
| ૬. | વિષ્ણુભાઇ અમરાજી પટેલની જુબાની. | ૨૧ | સાહેદ |
| ૭. | વાસુભાઇ ઇન્દુભાઇ સોલંકીની જુબાની. | ૨૨ | સાહેદ |
| ૮. | નિલેશકુમાર પ્રભુદાસની જુબાની. | ૨૩ | સાહેદ |
| ૯. | વિક્રમસિંહ મંગળસિંહની જુબાની. | ૨૫ | સાહેદ |
| ૧૦. | વિપુલસિંહ માધુસિંહની જુબાની. | ૨૬ | સાહેદ |
| ૧૧. | કુલદિપકુમાર કીકમભાઇની જુબાની. | ૨૭ | પી.એસ.ઓ. |
| ૧૨. | સ્વપ્નીલ જીતેન્દ્રભાઇ પંડયાની જુબાની. | ૩૦ | ત.ક.અમલદાર |
| ૧૩. | જીજ્ઞેશકુમાર અમરસિંહ રાઠવાની જુબાની. | ૩૧ | ત.ક.અમલદાર |
| ૧૪. | સુનીલભાઇ મોહનભાઇ ધનગરની જુબાની. | ૩૫ | સાયન્ટીફીક ઓફીસર |
| ૧૫. | જીતેન્દ્રકુમાર પ્રેમજીભાઇ ચૌધરીની જુબાની. | ૩૭ | ત.ક.અમલદાર |
| ૧૬. | જયદિપકુમાર રઘુનાથ દેસાઇની જુબાની. | ૩૮ | સાહેદ |
| ૧૭. | નિકીતાબેન કેશવલાલ ચૌધરીની જુબાની. | ૪૦ | સાયન્ટીફીક ઓફીસર |

**ફરીયાદી/બચાવ/ન્યાયાલયના દસ્તાવેજની યાદી**

**અ.ફરીયાદપક્ષ**

| અનુ. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૧ | મુદામાલ કબજે કર્યાના પંચનમાંની નકલ |
| ૨. | ૨૦ | અસલ ફરીયાદ |
| ૩. | ૩૬ | સાયન્ટીફીક ઓફીસરનો સ્થળ પરીક્ષણ અહેવાલ. |
| ૪. | ૪૧ | અભિપ્રાય નાય.નિયામકશ્રીનાઓએ સર્કલ પો.ઇ.શ્રી ને મોકલી આપેલ જે રવાનગી પત્ર |
| ૫. | ૪૨ | એફ.એસ.એલ. ગાંધીનગરનો મુદામાલ પીસ્તોલ અંગેનો અભિપ્રાય |

**-: ચુકાદો :-**

(૧).. ફરીયાદપક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૮/૦૩/૨૦૨૩ ના કલાક ૨૨:૧૫ વાગ્યે મોજે અશોકભાઇ નટુભાઇ પટેલ, રહે.ગલોડીયા, તા.ખેડબ્રહમાનાઓના ખેડબ્રહમા ખાતે નવીન બનતા ગોડાઉન પાસે આરોપીએ પોતાના કબજાની સફેદ કલરની ફોર્ચુનર ગાડી નં.જી.જે.૦૧ આર.પી.૯૫૬૯ માં વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે વેચાણ સારૂ કાળા કલરના પ્લાસ્ટીકના કોથળામાં પોશડોડા ભરી મધ્યપ્રદેશથી ગુજરાત રાજયમાં થઇ વહન કરી લઇ જતા પોલીસે પીછો કરતા આરોપી પોશડોડાના મુદામાલ સાથે ઉપરોકત ગાડીમાં દેશી હાથ બનાવટની પિસ્તોલ કિં.રૂા.૫,૦૦૦/- ની સાથે આરોપી મળી આવી પકડાઇ જઇ તેમજ આરોપી વિકાસ ઉર્ફે વિકકી ઉર્ફે બાકારામ સ/ઓ કોસલારામ સીયાગ(જાટ) નાસી જઇ એકબીજાની મદદગારી કરી ધી આર્મ્સ એકટ, ૧૯૫૯ ની કલમ-૨૫(૧-બી)એ મુજબનો ગુન્હો કરેલ. તે મુજબની ફરીયાદ ફરીયાદી ધ્વારા ખેડબ્રહમા પોલીસ સ્ટેશનમાં આપતાં, પોલીસ એજન્સીએ આરોપી વિરુધ્ધ ગુનો દાખલ કરેલ.ત્યારબાદ તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલ છે.

(૨).. આ કામના આરોપીને સમન્સની ધારાસર બજવણી થતાં કોર્ટ સમક્ષ હાજર થયેલ, તેઓને સી.આર.પી.સી.કલમ-૨૦૭ અન્વયે

પોલીસ તપાસના કાગળોની નકલો આપેલ. ત્યારબાદ આંક–૦૬ થી તહોમતનામું ફરમાવી આંક–૦૭ થી આરોપીની પ્લી નોંધવામાં આવતાં આરોપીએ ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩).. આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીનું ક્રિ.પ્રો. કો.કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમાં તેઓએ ફરીયાદપક્ષની હકીકતો નકારી પોતાને સોગંદ પરની જુબાની આપવી નથી તેમજ બચાવપક્ષના સાહેદો તપાસવા નથી અને વિશેષમાં તેઓએ કોઇ આવા પ્રકારનો ગુન્હો કરેલ નથી. તેઓના કબજામાંથી કોઇપણ જાતનો મુદ્દામાલ મળી આવેલ નથી. સદર મુદ્દામાલ વાહન પણ તેઓના નામે નથી. તેઓ તદ્દન નિર્દોષ છે. તેઓને ખોટી રીતે ફસાવવામાં આવેલ છે.

(૪).. ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એ. શાહની તથા બચાવપક્ષે વિ.વ.શ્રી એસ.બી. વાઘેલાની દલીલો સાંભળી.

(૫).. આ કામે કેસની તમામ હકીકત, સંજોગો અને રજુ કરાયેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૮/૦૩/૨૦૨૩ ના કલાક ૨૨:૧૫ વાગ્યે મોજે અશોકભાઇ નટુભાઇ પટેલ, રહે.ગલોડીયા, તા.ખેડબ્રહમાનાઓના ખેડબ્રહમા ખાતે નવીન બનતા ગોડાઉન પાસે આરોપીએ પોતાના કબજાની સફેદ કલરની ફોર્ચુનર ગાડી નં.જી.જે.૦૧ આર.પી.૯૫૬૯ માં વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે વેચાણ સારૂ કાળા કલરના પ્લાસ્ટીકના કોથળામાં પોશડોડા ભરી મધ્યપ્રદેશથી ગુજરાત

રાજયમાં થઇ વહન કરી લઇ જતા પોલીસે પીછો કરતા આરોપી પોશડોડાના મુદ્દામાલ સાથે ઉપરોકત ગાડીમાં દેશી હાથ બનાવટની પિસ્તોલ કિં.રૂા.૫,૦૦૦/- ની સાથે આરોપી મળી આવી પકડાઇ જઇ તેમજ આરોપી વિકાસ ઉર્ફે વિકકી ઉર્ફે બાકારામ સ/ઓ કોસલારામ સીચાગ(જાટ) નાસી જઇ એકબીજાની મદદગારી કરી ધી આમ્સ એકટ, ૧૯૫૯ ની કલમ-૨૫(૧-બી)એ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૬)..** ઉપરોકત મુદ્દાઓનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર હું નીચે મુજબ આપુ છુ.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**<u>-: કા ર ણો :-</u>**

**<u>મુદ્દા નં.૧ :-</u>**

**(૭)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક-૧૦ થી પંચ સાહેદ શૈલેષકુમાર બંસીલાલ બસેટાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, તેઓ માર્ચ મહિનામા પચ્ચીસ તારીખ પછીના દીવસોમા સાંજના પાંચેક વાગ્યાના અરસામાં ઓફીસે હતા અને તે વખતે તેમને જાણ કરવામાં આવેલ કે, તેમને ખેડબ્રમ્હા પોલીસ સ્ટેશન જવા માટે કહેવામા આવતા તેઓ ઓફીસથી નીકળી પોલીસ સ્ટેશન પહોંચેલ અને ત્યા તેઓ અને બીજા પોલીસના માણસો અને એક ઈસમ જેનુ નામ જુજારસિંહ હતુ તેઓની સાથે પોલીસ સ્ટેશન હાજર હતા અને તે વખતે પોલીસે તેઓનુ તથા બીજા એક પંચનુ નામ ઠામ અને સરનામું લઈ તેઓનો મોબાઈલ નંબર મેળવેલો. એ વખતે તેઓની હાજરીમાં પોલીસ વાળાઓએ જે વાહનમા જવાનુ હતુ તે વાહનમાં કોઈ શંકાસ્પદ વસ્તુ નથી તેવુ પોલીસે તેઓને જણાવેલ અને તે બાબતનુ પ્રાથમિક પંચનામુ કરેલુ. <u>ત્યારબાદ સરકારી વાહનમાં બેસી જયોતિ સ્કુલની</u>

પાછળ ગયેલા અને ત્યા એક સફેદ કલરની ગાડી પડી હતી જે ગાડી સ્કોરપીઓ જેવી મોટી ગાડી હતી અને જે ગાડી ખુલેલી હાલતમાં હતી. તે ગાડીની અંદર જોતા કોથળા જેવુ કઈક હતુ અને જેનાથી આખી ગાડી ભરેલી હતી. જે વખતે તેઓની હાજરીમાં કોથળાઓને બહાર કાઢી પોલીસ વજન કરવાની કામગીરી કરતા હતા તે વખતે તેઓએ પોલીસની સાઈડમાં એક બાજુ ઉભેલા હતા. જે વસ્તુ જોતા ઘાસ ચારા જેવી દેખાતી હતી, આ સિવાય પોલીસે ગાડીમાથી બંદુક જેવી કોઈક વસ્તુ કાઢેલી. તેઓ ત્યાં પોલીસ સાથે રાત્રે દોઢ બે વાગ્યા સુધી હાજર રહેલા. તેમને કોર્ટ ફાઈલમાંથી પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં પંચ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે જે પંચનામું આ કામે આંક-૧૧ થી રજુ કરવામાં આવેલ છે. **તેમજ સદર પંચ સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, પોલીસે તેમને લખેલા કાગળમાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમુક કાગળો કોરા હતા અમુક લખેલા હતા. કઇ તારીખે પંચનામામાં ગયેલા તે ચોકકસ તારીખ તેમને યાદ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, લગભગ ૨૮ તારીખની આજુબાજુ ગયેલા. એ વાત ખરી છે કે, કયા ગુનાના કામે તેમને બોલાવેલ તેની તેમને ખબર નથી.

(૮).. આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક-૧૫ થી પંચ સાહેદ જુજારસિંહ ગંભીરસિંહ ચાવડાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, તેઓ માર્ચ મહિનામા પચ્ચીસ તારીખ પછીના દીવસોમા સાંજના પાંચેક વાગ્યાના અરસામાં ઓફીસે હતા અને તે વખતે તેમને જાણ કરવામાં આવેલ કે, તેમને ખેડબ્રમ્હા પોલીસ સ્ટેશન જવા માટે કહેવામા આવતા તેઓ ઓફીસથી નીકળી પોલીસ સ્ટેશન પહોંચેલ અને ત્યા તેઓ અને બીજા પોલીસના માણસો અને એક ઈસમ જેનુ નામ શૈલેષકુમાર હતુ તેઓની સાથે પોલીસ સ્ટેશન હાજર હતા અને તે વખતે પોલીસે તેઓનુ તથા બીજા એક પંચનુ નામ ઠામ અને સરનામું લઈ તેઓનો મોબાઇલ નંબર મેળવેલો. એ વખતે તેઓની

હાજરીમાં પોલીસ વાળાઓએ જે વાહનમા જવાનુ હતુ તે વાહનમાં કોઈ શંકાસ્પદ વસ્તુ નથી તેવુ પોલીસે તેઓને જણાવેલ અને તે બાબતનુ પ્રાથમિક પંચનામુ કરેલુ. ત્યારબાદ સરકારી વાહનમાં બેસી જયોતિ સ્કુલની પાછળ ગયેલા અને ત્યા એક સફેદ કલરની ગાડી પડી હતી જે ગાડી સ્કોરપીઓ જેવી મોટી ગાડી હતી અને જે ગાડી ખુલેલી હાલતમાં હતી. તે ગાડીની અંદર જોતા કોથળા જેવુ કઈક હતુ અને જેનાથી આખી ગાડી ભરેલી હતી. જે વખતે તેઓની હાજરીમાં કોથળાઓને બહાર કાઢી પોલીસ વજન કરવાની કામગીરી કરતા હતા તે વખતે તેઓ પોલીસની સાઈડમાં એક બાજુ ઉભેલા હતા. જે વસ્તુ જોતા ઘાસ ચારા જેવી દેખાતી હતી, આ સિવાય પોલીસે ગાડીમાથી બંદુક જેવી કોઈક વસ્તુ કાઢેલી. તેઓ ત્યાં પોલીસ સાથે રાત્રે દોઢ બે વાગ્યા સુધી હાજર રહેલા. તેમને આંક-૧૧ વાળુ પંચનામું બતાવતાં તેમાં તેઓની પંચ તરીકે સહી ઓળખી બતાવેલ છે. સાહેદને મુદામાલ પીસ્તોલ બતાવવામાં આવે છે તે જોઇને કહે છે કે, આ મુદામાલ પોલીસે તેઓની રૂબરૂમાં કબજે કરેલી. જે પીસ્તોલ કબજે કરવામાં આવેલ તે એક ફોર્ચુનર કંપનીની ગાડી હતી જેની રજી. નં.જી.જે.૧ આર.પી.૯૫૬૯ નો હતો અને આ ગાડીની બાજુમાં એક ઈસમ ઉભેલ હતો જે ઈસમને પોલીસે બાજુમાં બેસાડેલ હોવાનુ જણાવેલ છે. **તેમજ સદર પંચ સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** તેમને પંચનામામાં તા.૨૮/૦૩/૨૦૨૩ ના રોજ બોલાવેલા. સદરહુ સાહેદને બચાવપક્ષે એવો સવાલ પુછવામાં આવેલ છે કે, તમારી હાજરીમાં પ્રાથમીક પંચનામું કરવામાં આવેલું? તેના જવાબમાં સદરહુ સાહેદનાએ એવું જણાવેલ કે, હા પોલીસે મારું નામ ઠામ પુછેલું. મારું આધારકાર્ડ માંગેલુ, કઈ જગ્યાએ નોકરી કરો છો તેવું પુછેલું, તેમજ અમને બધાને ચેક કરેલા. અમે જે વાહનમાં ગયેલા તેનો નંબર મને યાદ નથી પરંતુ સરકારી પોલીસની ગાડી હતી. જે બોલેરો ગાડી હતી. વધુમાં સદર સાહેદને સવાલ જવાબના સ્વરૂપમાં પ્રશ્નો પુછવામાં આવેલ છે કે,

સવાલ:- તમને કયા ગુન્હા રજીસ્ટર નંબર વાળા ગુન્હાના કામે પંચનામું કરવા બોલાવેલા?

જવાબ:– અમને પોશડોડાના ગુન્હાના કામે પંચમાં રહેવા બોલાવેલ. ગુન્હા રજી. નં. ૧૧/૨૩ નો હતો તેવું થોડુ ઘણુ મને યાદ છે.

સવાલ:– તમને આ ગુન્હાના કામે પંચ તરીકે નીમેલ હોય તેવો કોઈ લેખીત આધાર પુરાવો તમે આ કામે રજુ કરેલ નથી.?

જવાબ:– મને ચીફઓફીસર સાહેબે પંચમાં રહેવા મોકલેલો. મને પંચમાં રહેવા જવા માટે મૌખીક સૂચના ચીફ ઓફીસર સાહેબે આપેલી.

સવાલ:– આ પંચનામુ કેટલો સમય ચાલેલુ?

જવાબ:– સ્થળ ઉપર ૧૭.૫૦ એ પહોંચેલા અને પંચનામું શરુ કરેલુ અને રાતના ૧૦.૩૦ વાગ્યે પુરુ થયેલુ.

સવાલ:– તમને પો.સ્ટે કેટલા વાગે બોલાવેલા.?

જવાબ:– સાંજના ૧૭.૨૦ કલાકે બોલાવેલા.

એ વાત ખરી છે કે, આજરોજ જે આરોપીને ઓળખી બતાવેલ છે તે ફોર્ચુનર ગાડીમાં બેસેલ ન હતો. એ વાત ખરી છે કે, કહેવાતી પીસ્તોલ આરોપીની અંગજડતીમાંથી મળી આવેલ નથી.

સવાલ:– તમારા કહેવા મુજબ પંચનામું કરતા સમય જતા રાત થઇ ગયેલી જેથી અંધારુ હતુ?

જવાબ:–બાજુમાં ગોડાઉન આવેલ હતુ ત્યાંથી લાઇટની વ્યવસ્થા કરવામાં આવેલી.

(૯).. આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૭ થી એ.એસ.આઇ. યુનુસભાઇ કાદરભાઇ બેલીમને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે<u>, તેઓ સને–૨૦૨૩ માં એલ.સી.બી.શાખા હિંમતનગરમાં એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા </u>તે દરમિયાન તા.૨૮/૦૩/૨૦૨૩ ના રોજ તેઓ તેઓની ફરજ ઉપર હાજર હતા ત્યારે તેઓ તથા સ્ટાફના પી.એસ.આઈ. ટી.જે.દેસાઈ તથા પો.કો.વિક્રમસિંહ તથા પો.કો.ગોપાલએ રીતેના હિંમતનગર એ.ડીવીઝન પો.સ્ટે. પ્રોહી. ગુના નં.૨૪૦/૨૦૨૩ ના આરોપી જયેશભાઈ અસારી જે રીમાન્ડ પર હોઈ તેને સાથે લઈ ભીલોડા અને રાજસ્થાન તપાસમાં જવા સારુ

કલાક ૦૮:૩૦ વાગ્યે સરકારી વાહન મારફતે હીમતનગરથી નીકળ્યા અને ઈડર થઈ ભીલોડા તરફ જતા મોહનપુર રેલ્વે ફાટકથી આગળ જતા સામેથી એક સફેદ કલરની ફોર્ચ્યુનર ગાડી આવેલ જે શંકાસ્પદ જણાતા તેને ઉભી રાખવા પ્રયત્નો કરેલ પરંતુ ઉભી રહેલ નહી. જેથી સદર ગાડીનો પીછો કરતા ફોર્ચ્યુનર ગાડી ભીલોડા ત્રણ રસ્તાથી વડાલી તરફ ભાગેલ. આ વખતે સાથેના પી.એસ.આઈ.શ્રી દેસાઈએ વડાલી પોલીસને ફોર્ચ્યુનર ગાડી વિશે માહિતી આપેલ અને ગાડીનો પીછો કરવાનુ ચાલુ રાખેલ તે દરમ્યાન સદર ગાડી વડાલી ખાતે બેરીકેટીગની સાઈડમાં થઈ ખેડબ્રમ્હા તરફ જતા તેઓએ પણ પીછો ચાલુ રાખેલ અને પી.એસ.આઈ.શ્રીએ ખેડબ્રમ્હા પોલીસને જાણ કરેલ તે દરમ્યાન ખેડબ્રમ્હા પો.સ્ટે. આગળ રોડ ઉપર પોલીસની નાકાબંધી જોઈ ફોર્ચ્યુનર ગાડીવાળાએ ગાડી પાછી વાળી વડાલી તરફ ભાગતા તેઓની ગાડીના ડ્રાઈવરે રોન્ગ સાઈડમાં જઈ તેને રોકવા પ્રયત્ન કરતા સદર ગાડી જયોતિ હાઈસ્કુલથી દક્ષિણ તરફ આવેલ આર.સી.સી. રોડ તરફ ભાગેલ. જેથી તેમનો પીછો કરતા આગળ જઈ પથ્થરની દિવાલ આવી જતા આગળનો રોડ આવતા ગાડી ઉભી થઈ ગયેલ. આ વખતે સદર ફોર્ચ્યુનર ગાડીમાંથી બે ઈસમો ઉતરી નાસવા લાગેલ જેઓનુ સાથેના પોલીસના માણસોએ તેમજ ખેડબ્રમ્હા પોલીસના માણસોએ પીછો કરેલો અને તેઓ ઉપરોકત પ્રોહી. ગુનાના આરોપીના જાપ્તામાં રોકાયેલા. ત્યારબાદ પો.કો. ગોપાલભાઈએ બન્ને પૈકી એક ઈસમને પકડી પાડેલો હોઈ તેને ફોર્ચ્યુનર ગાડી પાસે લાવેલા.આ વખતે તેનું નામઠામ પૂછતા પોતાનુ નામ ગીરધારીરામ જોગારામ ગોદારા રહે. ગોદારોકી ધાણી, બાડમેર, રાજસ્થાનનો હોવાનો અને નાસી જનાર ગાડી ચાલક પ્રદીપ બિષ્નોઈ હોવાનું જણાવેલ. સદરીને ગાડીમાં શુ છે તે બાબતે પૂછતા ફોર્ચ્યુનર ગાડીમાં પોશડોડા ભરેલા હોવાનું જણાવેલ. જેથી ગાડીમાં માદક પદાર્થનો જથ્થો ભરેલ હોવાથી તેની કાર્યવાહી કરવાની સત્તા સાથેના પી.એસ.આઈ.ને ના હોઈ તેઓએ આ બાબતે ગેજેટેડ અધિકારીને કાર્યવાહી સારુ બોલાવવા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી હીંમતનગર કન્ટ્રોલ રૂમ ખાતે ટેલિફોનિક વર્ધી લખાવી જાણ કરેલ. ત્યારબાદ તેઓ ઉપરોકત સ્ટાફના માણસો જેતે સ્થિતિમાં ફોર્ચ્યુનર ગાડીને રાખી ત્યાં હાજર રહેલા. તે પછી

પોલીસ અધિક્ષકની સૂચના મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી જે.એ.રાઠવા ખેરોજ પોલીસ સ્ટેશનનાઓ તથા એફ.એસ.એલ. અધિકારીશ્રી ધનગર વિ. સ્થળ ઉપર આવેલ. સ્થળ ઉપર જરૂરી સામગ્રી સાથે આવેલ અને પોલીસ ઈન્સ્પેકટરશ્રીએ એન.ડી.પી.એસ. અંતર્ગત કાર્યવાહી ચાલુ કરેલ. જેમાં એફ.એસ.એલ. અધિકારી મારફતે પંચોની રૂબરૂ ફોર્ચ્યુનર ગાડી ખોલાવી જોતા અંદર કોથળા ભરેલ હતા. જે બહાર કઢાવી જોતા કુલ–૨૦ કોથળામાં વનસ્પતિજન્ય પદાર્થ હોય જેમાંથી એફ.એસ.એલ. માંથી અધિકારીશ્રીએ થોડો થોડો પદાર્થ લઈને તેમની પાસેની કીટ મારફતે તપાસ કરી સદર પદાર્થ પોષડોડા માદક પદાર્થ હોવાનુ જણાવેલ. જેથી સાથેના તોલાટ દીલીપભાઈ વણજારા મારફતે તેનુ વજન કરાવવા કાર્યવાહી કરેલ અને પી.આઈ.શ્રી રાઠવાનાઓએ પકડાયેલ ગીરાધારીરામ ગોદારામને પોતાની ગેજેટડ ઓફિસર તરીકેની ઓળખ પણ આપેલ અને એન.ડી.પી.એસ. એકટ અંતર્ગત જરૂરી ઠરાવોની સમજ આપી ઠરાવો કરેલા અને સદર એન.ડી.પી.એસ.ની કાર્યવાહી સૂર્યાસ્ત પછી પણ ચાલુ રહે તેમ હોઈ <u>પી.આઈ.શ્રીએ એન.ડી.પી.એસ. કલમ–૪૨(૧) મુજબનો રીપોર્ટ તૈયાર કરી પોલીસ અધિક્ષકશ્રી હીંમતનગરને આપવા સારુ તેઓને સૂચના કરતા તેઓ રીપોર્ટ લઈ હીંમતનગર જવા રવાના થયેલ અને રીપોર્ટ એસ.પી.સાહેબને પહોંચાડી હીંમતનગર ખાતે એલ.સી.બી. ઓફિસે હાજર રહેલ હતા.</u> ત્યારબાદ તેઓને જાણવા મળેલ કે, સદર ફોર્ચ્યુનર ગાડીમાંથી પોષડોડાનો જથ્થો મળી આવેલ તે ઉપરાંત ગાડીના ગીયર બોક્ષના પાછળના ભાગેના ખાનામાંથી એક હાથ બનાવટની દેશી પીસ્તોલ મળી આવેલ. જેની કુલ લંબાઈ વીસ સે.મી. તથા નળીની લંબાઈ ૧૧.૩ સે.મી. હતી. જે પીસ્તોલ અંગે આરોપીઓ પાસેથી કોઈ લાયસન્સ કે પરમીટ ના હોઈ તેઓની વિરુધ્ધ એન.ડી.પી.એસ. એકટ હેઠળની કાર્યવાહી ઉપરાંત આર્મ્સ એકટ કલમ– ૨૫(૧)(બી) –એ મુજબ સાથેના પી.એસ.આઈ.શ્રી ટી.જે.દેસાઈ નાઓએ કાયદેસર થવા ફરીયાદ આપેલ હોવાનુ જણાવેલ છે. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, તેઓ એલ.સી.બી. ઓફિસમાંથી કયા પ્રકારની ગાડી લઈને નીકળેલા તે જણાવેલ

નથી. એ વાત ખરી છે કે, ઈડરથી ભીલોડા જવાનો રસ્તો હાઈવે છે અને ત્યાં ઘણાબધા વાહનોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે, અમારી સાથેના પી.એસ.આઈ. નાઓએ કયા મોબાઈલ નંબર ઉપરથી વડાલી પી.એસ.આઈ. ને કયા મોબાઈલ નંબર ઉપર ફોન કરેલ તે નંબર જણાવેલ નથી. એ વાત ખરી છે કે, ખેડબ્રમ્હાના પી.એસ.આઈ.નાઓ કયા સરકારી વાહનમાં અને કેટલા વાગ્યે બનાવ સ્થળે આવી ગયેલ તે મારા નિવેદનમાં જણાવેલ નથી. <u>એ વાત ખરી છે કે, કહેવાતો મુદ્દામાલ પીસ્તોલ આરોપીની અંગજડતીમાંથી મળી આવેલ નથી.</u> સાહેદ એવુ જણાવે છે કે, આરોપી ગાડી મૂકીને ભાગેલો અને તે ગાડીની જડતી તપાસ કરતા તેમાંથી મુદ્દામાલ પિસ્તોલ મળી આવેલી. એ વાત ખરી છે કે, મારી હાજરીમાં કોઈ પ્રાથમિક પંચનામુ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં પાછળના ખાનામાંથી પિસ્તોલ મળી આવેલ તેવુ જણાવેલ નથી.

**(૧૦)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૮ થી સાહેદ પો.કો. ગોપાલભાઇ પ્રવિણભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, તેઓ સને–૨૦૨૩ માં એલ.સી.બી. શાખા હિંમતનગરમાં અ.પો.કો. તરીકે ફરજ બજાવતા હતા. તે દરમિયાન તા.૨૮/૦૩/૨૦૨૩ ના રોજ તેઓ તેઓની ફરજ ઉપર હાજર હતા ત્યારે તેઓ તથા સ્ટાફના પી.એસ.આઈ. ટી.જે. દેસાઈ તથા પો.કો. વિક્રમસિંહ તથા એ.એસ.આઈ.યુનુસભાઈ એ રીતેના હિંમતનગર એ. ડીવીઝન પો.સ્ટે. પ્રોહી. ગુનાના કામે તપાસમાં હિંમતનગરથી સરકારી ગાડી લઈને રાજસ્થાન તપાસ અર્થે નીકળેલા તે દરમ્યાન ઈડરથી ભીલોડા રોડ ઉપર જતા હતા ત્યારે મોહનપુર રેલ્વે ફાટક નજીક જતા એક ફોચ્યુનર ગાડી શંકાસ્પદ જણાતા સાથેના પો.સ.ઈ. તથા પોલીસ સ્ટાફના માણસોએ સદર ગાડીને રોકવા પ્રયત્ન કરતા સદર ગાડી ઈડરથી વડાલી તરફ ભાગેલી. તે દરમ્યાન તેઓની સરકારી ગાડી પાછી વાળી આ ફોર્ચ્યુનર ગાડીનો પીછો ચાલુ રાખેલ અને તે દરમ્યાન ઈ./ચા. પી.એસ.આઈ. વડાલી પો.સ્ટે.ને આ બાબતની જાણ કરેલી. વડાલી રોડ ઉપર વડાલી પો.સ્ટે. ધ્વારા બેરીકેટીંગ

મૂકેલ હોવા છતા આ ફોર્ચ્યુનર ગાડી વાળાએ તેની ગાડી સાઈડમાંથી હંકારેલી તે દરમ્યાન અમારી સાથેના પો.સ.ઈ. નાઓએ તેઓના મોબાઈલ ફોન પરથી ખેડબ્રમ્હા પો.સ્ટે. આ બાબતે જાણ કરેલી તે દરમ્યાન ખેડબ્રમ્હા પો.સ્ટે. આગળ બેરીકેટીંગ મૂકી રસ્તો બ્લોક કરેલ હોય સદર ગાડી વાળાએ પોતાની ગાડીને યુ ટર્ન મારી પરત આવતો હોઈ તે દરમ્યાન અમારી સરકારી ગાડી રોન્ગ સાઈડમાં હંકારી સદર ફોર્ચ્યુનર ગાડીનો ચાલક દૂરથી અમારી સરકારી પોલીસની ગાડી જોઈ પરત તેની ગાડી પાછી વાળેલ અને તે દરમ્યાન જયોતિ હાઈસ્કુલની દક્ષિણ તરફ આવેલ આર.સી.સી. રોડ તરફ હંકારેલ તે દરમ્યાન અમે પણ અમારી સરકારી ગાડી દ્વારા તેનો પીછો કરેલો દરમ્યાન આર.સી.સી. રોડ ઉપર એકાદ કિલોમીટર આગળ જઈ આ રોડ પૂરો થતા તેમજ સામે દિવાલ આવી જતા આ ફોર્ચ્યુનર ગાડી ત્યાં ઉભી રહેલ અને ગાડીમાંથી બે ઈસમો ભાગવા લાગેલા. તે દરમ્યાન તેઓ તથા પો.સ.ઈ. સાહેબ તથા સ્ટાફના માણસો આ બે ઈસમોને પકડવા માટે તેની પાછળ ભાગેલા તે દરમ્યાન એક ઈસમને તેઓએ પકડેલ અને બીજો ઈસમ ભાગી ગયેલ અને સદર ઈસમને પકડીને ફોર્ચ્યુનર ગાડી પાસે લાવેલા. **આ ફોર્ચ્યુનર ગાડીનો નંબર જી.જે.૦.૧. આર.પી. ૯૬૬૯ નો હતો.** સદર ગાડીને સાથેના ઈન્ચાર્જશ્રીએ જડતી તપાસ કરતા અંદર કાળા કલરના પ્લાસ્ટીકના કોથળામાં કંઈક ભરેલ હોવાનુ જણાઈ આવતા ઈ.ચા.શ્રીએ ખોલીને જોતા તેમાં પોષડોડા હોવાનુ જણાવેલ. ઉપરોકત પોષડોડાનુ પંચનામુ કરવા ગેજેટેડ ઓફિસરની જરૂરીયાત હોઈ સાથેના પો.સ.ઈ.શ્રીએ જે બાબતે કાર્યવાહી કરેલી ત્યારબાદ ખેરોજ પો.સ્ટે. પી.આઈ. રાઠવા સરનાઓ સરકારી પંચો સાથે હાજર રહેલા દરમ્યાન પી.આઈ.શ્રીએ પકડેલ ઈસમને તેમને પોતાની ગેજેટેડ ઓફિસર તરીકેની ઓળખ આપી સરકારી પંચોની હાજરીમાં પકડાયેલ ઈસમનુ નામઠામ પૂછતા તેણે પોતાનુ નામ ગીરધારીરામ જોગારામ ગોદારા રહે.ગોદારોકી ધાણી, બાડમેરનો હોવાનુ જણાવેલ. દરમ્યાન સદર ગાડીમાં પોષડોડા હોઈ તેમનુ તોલાટ કરવા માટે તેમજ એફ.એસ.એલ. અધિકારીને બોલાવવા સારુ પી.આઈ. સાહેબે કાર્યવાહી કરેલી. <u>સદર ફોર્ચ્યુનર ગાડીની વધુ તપાસ કરતા ડ્રાયવર સીટની બાજુમાં ગીયર બોક્ષમાંથી દેશી બનાવટની</u>

એક પીસ્તોલ મળી આવેલ. તેના ઉપર અંગ્રેજીમાં લખાણ લખેલ હતુ. જેથી સદર પિસ્તોલ બાબતે આ ગીરધારીરામને પૂછતા આ પિસ્તોલ તેઓની સાથેના ગાડી ચાલક પ્રદીપ બિસ્નોઈ રહે.જોધપુર, રાજસ્થાન નાઓની છે તેવુ જણાવેલ. સદર પિસ્તોલ બાબતે પાસ પરમીટ માગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ. જેથી સદર પિસ્તોલની કિંમત પાંચ હજાર ગણી પ્લાસ્ટીકના ડબામાં મૂકી તેની ઉપર દોરાથી પંચો તથા પી.આઈ.રાઠવા સાહેબની સહી તથા પંચોની સહીવાળી સ્લીપ બાંધી ખેડબ્રમ્હા પો.સ્ટે.ના માર્કાનુ લાખથી પાકુ સીલ કરી તપાસ અર્થે કબજે કરેલ. ત્યારબાદ ઈ.ચાર્જશ્રીએ પોષડોડાનુ વજન કરાવ્યુ અને તપાસ અર્થે કબજે કરેલ. આરોપી પાસેથી મળી આવેલ ફોર્ચ્યુનર ગાડી તપાસ અર્થે કબજે કરેલ અને તેઓની સાથેના પો.સ.ઈ. ટી.જે.દેસાઈ સાહેબનાઓએ આરોપી વિરુધ્ધ ધી આર્મ્સ એકટની કલમ હેઠળના ગુનાની ફરીયાદ આપેલ. બનાવ સબંધે ત.ક.અમલદારે તેઓનો જવાબ લીધેલ હોવાનુ જણાવેલ છે. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, તેઓ એલ.સી.બી.ઓફિસમાંથી કયા પ્રકારની ગાડી લઈને નીકળેલા તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે, ઈડરથી ભીલોડા જવાનો રસ્તો હાઈવે છે અને ત્યાં ઘણાબધા વાહનોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે, અમારી સાથેના પી.એસ.આઈ.નાઓએ કયા મોબાઈલ નંબર ઉપરથી વડાલી પી.એસ.આઈ. ને કયા મોબાઈલ નંબર ઉપર ફોન કરેલ તે નંબર મારા નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, ખેડબ્રમ્હાના પી.એસ.આઈ.નાઓ કયા સરકારી વાહનમાં અને કેટલા વાગ્યે બનાવ સ્થળે આવી ગયેલ તે મારા નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, કહેવાતો મુદ્દામાલ પીસ્તોલ આરોપીની અંગજડતીમાંથી મળી આવેલ નથી. સાહેદ એવુ જણાવે છે કે, આરોપી ગાડી મૂકીને ભાગેલો અને તે ગાડીની જડતી તપાસ કરતા તેમાંથી મુદ્દામાલ પિસ્તોલ મળી આવેલી. એ વાત ખરી છે કે, મારી હાજરીમાં કોઈ પ્રાથમિક પંચનામુ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં ગીયર બોક્ષમાંથી પિસ્તોલ મળી આવેલ તેવુ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, તેઓએ તેઓના નિવેદનમાં

એવુ લખાવેલ નથી કે, એકાદ કિલોમીટર આગળ જતા આર.સી.સી.રોડ પુરો થઈ જતા અને આગળ દિવાલ આવતાં ગાડી ઉભી રાખેલી.

**(૧૧)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક−૧૯ થી ફરીયાદી પી.એસ.આઇ. તેજસકુમાર જયરામભાઇ દેસાઇને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, <u>તેઓ સને ૨૦૨૩ માં એલ.સી.બી.શાખા હિંમતનગરમાં પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા.</u> તે દરમિયાન તા.૨૮/૦૩/૨૦૨૩ ના રોજ તેઓ તેઓની ફરજ ઉપર હાજર હતા ત્યારે તેઓ તથા સ્ટાફના પો.કો. વિક્રમસિંહ તથા પો.કો. ગોપાલ તથા એ.એસ.આઈ યુનુસભાઈ એ રીતેના હિંમતનગર એ.ડીવીઝન પો.સ્ટે. પ્રોહી.ગુના નં.૨૪૦/૨૦૨૩ ના આરોપી જયેશભાઈ અસારી જે રીમાન્ડ પર હોઈ તેને સાથે લઈ ભીલોડા અને રાજસ્થાન તપાસમાં જવા સારુ કલાક ૦૮:૩૦ વાગ્યે સરકારી વાહન મારફતે હીમતનગરથી નીકળેલા અને ઈડર થઈ ભીલોડા તરફ જતા મોહનપુર રેલ્વે ફાટકથી આગળ જતા હતા તે દરમ્યાન સામેથી એક સફેદ કલરની ફોર્ચ્યુનર ગાડી આવેલ જે શંકાસ્પદ જણાતા તેને ઉભી રાખવા તેઓએ પ્રયત્નો કરેલ પરંતુ ઉભી રહેલ નહી. જેથી સદર ગાડીનો તેઓએ પીછો કરતા ફોર્ચ્યુનર ગાડી ભીલોડા ત્રણ રસ્તાથી વડાલી તરફ ભાગેલ. આ વખતે અમોએ વડાલી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એન.આર.ઉમટને મોબાઈલથી ફોર્ચ્યુનર ગાડી વિશે માહિતી આપેલ અને ગાડીનો પીછો કરવાનુ ચાલુ રાખેલ તે દરમ્યાન સદર ગાડી વડાલી ખાતે બેરીકેટીંગની સાઈડમાં થઈ ખેડબ્રમ્હા તરફ જતા અમોએ પણ પીછો ચાલુ રાખેલ અને અમોએ આ ફોરચ્યુનર ગાડી બાબતે ખેડબ્રમ્હમા પો.સ્ટે.ના પી.એસ.આઈ.શ્રી જે.આર.દેસાઈનાઓને જાણ કરેલી અને તેઓને નાકાબંધીમા રહેવા સુચના આપેલી. આ ફોરચ્યુનર ગાડી વાળાએ ખેડબ્રમ્હા જ્યોતિ હાઈસ્કુલ પાસેથી નાકાબંધીમા ઉભી રહેલ પોલીસને જોઈ પોતાની ગાડી યુટર્ન વાળી દીધેલી અને અમો વડાલી તરફથી આ ફોરચ્યુનર ગાડીને પકડવા રોંગ સાઈડે આવતા હતા અને આ ફોરચ્યુનર ગાડી વાળો જયોતિ હાઈસ્કુલના ખાંચામા તેની ગાડી લઈ ગયેલો અને ત્યા આશરે અડધો કી.મી.

આર.સી.સી. રોડ આવેલ હતો અને રોડ પુરો થાય ત્યા પત્થરની મોટી દીવાલ હતી અને આ દીવાલ જોઈને આ ગાડી વાળાએ ગાડી ઉભી રાખેલી અને ત્યાથી પશ્ચીમ તરફ ઝાડીઓમા ભાગી ગયેલા જે બે માણસો હતા. અમારી પાસે તપાસના કામનો પ્રોહીનો આરોપી જયેશ અસારી હતો. આ અસારી ઉપર નજર રાખવા અમારા ડ્રાઈવર તથા એ.એસ.આઈ. યુનુસભાઈને ગાડી ઉપર રાખેલા અને આ દરમ્યાન ખેડબ્રમ્હા પો.સ્ટે.ના પી.એસ.આઈ. તેમના સ્ટાફ સાથે આવી ગયેલા અને અમે તથા ખેડબ્રમ્હા પોલીસે ભાગેલા ઈસમોને પકડવા પીછો કરેલો અને એક ઈસમને પો.કો. ગોપાલભાઈએ પકડી પાડેલ જયારે બીજો ઈસમ ઝાડીઓમા ભાગી ગયેલ. આ પકડાયેલ ઈસમને ફોરચ્યુનર ગાડી પાસે લાવેલા અને તેની પુછપરછ કરતા પોતાનું નામ ગીરધારીરામ જોગારામ ગોદારા રહે. ગોદારોકી ધાણી, બાડમેર, રાજસ્થાનનો હોવાનો અને નાસી જનાર ગાડી ચાલક પ્રદીપ બિષ્નોઈ હોવાનુ જણાવેલ. સદરીને ગાડીમાં શુ છે તે બાબતે પૂછતા ફોર્ચ્યુનર ગાડીમાં પોશડોડા ભરેલા હોવાનું જણાવેલ. જેથી ગાડીમાં માદક પદાર્થનો જથ્થો ભરેલ હોવાથી તેની કાર્યવાહી કરવાની સત્તા અમોને ન હોઈ અમોએ આ બાબતે ગેજેટેડ અધિકારી ને કાર્યવાહી સારુ બોલાવવા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી હીમતનગર કન્ટ્રોલ રૂમ ખાતે ટેલિફોનિક વર્ધી લખાવી જાણ કરેલ. ત્યારબાદ અમો ઉપરોકત સ્ટાફના માણસો જેતે સ્થિતિમાં ફોર્ચ્યુનર ગાડીને રાખી ત્યાં હાજર રહેલા. તે પછી પોલીસ અધિક્ષકની સૂચના મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી જે.એ.રાઠવા ખેરોજ પોલીસ સ્ટેશન નાઓ તથા એફ.એસ.એલ. અધિકારીશ્રી ધનગર વિ.સ્થળ ઉપર આવેલ. સ્થળ ઉપર જરૂરી સામગ્રી સાથે આવેલ અને પોલીસ ઈન્સપેકટરશ્રી ખેરોજનાઓ રૂબરૂ એન.ડી.પી.એસ.અંતર્ગત કાર્યવાહી ચાલુ કરેલ. જેમાં એફ.એસ.એલ. અધિકારી મારફતે પંચોની રૂબરૂ ફોર્ચ્યુનર ગાડી ખોલાવી જોતા અંદર કોથળા ભરેલ હતા. જે બહાર કઢાવી જોતા કુલ-૨૦ કોથળામાં વનસ્પતિજન્ય પદાર્થ હતો. એફ.એસ.એલ. અધિકારી એ આ વનસ્પતિ પદાર્થ ચેક કરતા જે પ્રતિબંધિત પોશડોડા જણાઈ આવેલ. જેથી તોલાટ દીલીપભાઈ વણજારા મારફતે તેનુ વજન કરાવવા કાર્યવાહી કરેલ અને પી.આઈ.શ્રી રાઠવા નાઓએ પકડાયેલ ગીરાધારીરામ ગોદારામે

પોતાની ગેજેટેડ ઓફિસર તરીકેની ઓળખ પણ આપેલ અને એન.ડી.પી.એસ. એકટ અંતર્ગત જરૂરી ઠરાવોની સમજ આપી ઠરાવો કરેલા અને સદર એન.ડી.પી.એસ.ની કાર્યવાહી સૂર્યાસ્ત પછી પણ ચાલુ રહે તેમ હોઈ પી.આઈ.શ્રીએ એન.ડી.પી.એસ. કલમ– ૪૨(૧) મુજબનો રીપોર્ટ તૈયાર કરી પોલીસ અધિક્ષકશ્રી હીંમતનગરને આપવા સારુ હાજર પોલીસ સ્ટાફને સૂચના કરતા જે રીપોર્ટ લઈ હીંમતનગર જવા રવાના થયેલા અને રીપોર્ટ એસ.પી.સાહેબને પહોંચાડેલ આ પોશડોડાનુ પંચો રૂબરૂ વજન કરતા તેનુ વજન ૪૦૧.૫૫૦ કિ.ગ્રા. થયેલ. <u>ત્યારબાદ પકડાયેલ ઈસમની અંગઝડતી કરતા તેની પાસેથી આધાર કાર્ડ, પાનકાર્ડ તેમજ મોબાઈલ મળી આવેલ.</u> ત્યારબાદ <u>આરોપીને સાથે રાખી **ફોરચ્યુનર ગાડી નં જી.જે.૦૧ આર.ડી ૯૫૬૫** ની અંદરના ભાગે જોતા પાછળની સીટો કાઢી નાખેલ હતી</u> અને આ ગાડીની અંદર એક બોકસની અંદર બીજી બે નંબર પ્લેટ મળી આવેલી. જેના ઉપર નંબર જીજે–૨૭ સી–૬૭૮૪ લખેલ હતો. <u>ત્યારબાદ આ ગાડીની આગળની બે સીટો ચેક કરતા તેની પાછળ ગીયર બોકસની પાછળ ના ખાનામાં એક દેશી બનાવટની પીસ્તોલ મળી આવેલ</u>. સદર પીસ્તોલની તપાસના કામે રાખેલ માપપટ્ટી ધ્વારા માપ લેતા પીસ્તોલની લંબાઈ ૨૦ સે.મી. તથા બેરલની લંબાઈ ૧૧.૩ સેમી. હતી અને આ પીસ્તોલની મેગઝીન ખોલતા મેગઝીન ખાલી હોઈ મેગઝીનની લંબાઈ ૧૨ સે.મી. હતી. તેમજ પીસ્તોલના બોડીના ભાગે અંગ્રેજીમા STARMODL 8 I તથા MADE IN MUNSR લખેલ હતુ. આ પીસ્તોલ બાબતે આરોપીને પુછતા આરોપીએ જણાવેલ કે, ભાગી ગયેલ આરોપી પ્રદિપ બિશ્નોઈની હોવાનુ જણાવેલ. પીસ્તોલની પરમીટ બાબતે આરોપીને પુછતા તેની પાસે આવુ કોઈ પરમીટ ન હોવાનુ જણાવેલ. ગાડીમાથી મળી આવેલ માદક પદાર્થ પોશ ડોડા બાબતે પુછતા તે અંગેનુ પણ પોતાની પાસે પાસ પરમીટ ન હોવાનુ જણાવેલ. આ તમામ મુદ્દામાલ સીજ કરી તેમા પંચો, આરોપીની સહી વાળી કાપલી બનાવી આ પીસ્તોલને પ્લાસ્ટીકના ડબામા સીલ કરી તેના ઉપર ખેડબ્રમ્હા પો.સ્ટેનુ અંગ્રેજી માર્કાનુ લાખનુ સીલ મારી દોરીથી સીલ પેક કરવામા આવેલ સદર કામે કબજે કરવામા આવેલ મુદ્દામાલ ગાડી, પોશડોડા, મોબાઈલ

નંગ–૧, પીસ્તોલની તેમજ મુદદામાલ કુલ કિ.રૂા.૨૮,૧૪,૬૫૦/– ની ગણી તેનુ વિગતવારનુ પંચનામુ કરી બે પંચો રૂબરુ તપાસ અર્થે કબજે કરેલ. જે પંચનામુ પી.આઈ.શ્રી ખેરોજ પો.સ્ટેના રૂબરુ કરવામાં આવેલ. આરોપીના કબજાવાળી ફોર્ચુનર ગાડીમાંથી પ્રતિબંધીત મુદદામાલ પોશડોડા તેમજ પાસ પરમીટ વગરની પીસ્તોલ નંગ–૧ મળી આવતા આરોપી વિરૂધ્ધ તેઓએ પી.આઈ.શ્રી જે.એ.રાઠવા રૂબરુ ફરીયાદ આપેલી અને જે ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવી આંક–૨૦ થી રજુ કરવામાં આવેલ છે. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, તેઓ એલ.સી.બી.ઓફિસમાંથી કયા પ્રકારની ગાડી લઈને નીકળેલા તે જણાવેલ નથી. સાહેદ એવુ જણાવે છે કે, અમો સરકારી વાહનમા નીકળેલા. એ વાત ખરી છે કે, ઈડરથી ભીલોડા જવાનો રસ્તો હાઈવે છે અને ત્યાં ઘણાબધા વાહનોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે, અમોએ કયા મોબાઈલ નંબર ઉપરથી વડાલી પી.એસ.આઈ.ને તથા ખેડબ્રહમા પી.એસ.આઈને કયા મોબાઈલ નંબર ઉપર ફોન કરેલ તે નંબર જણાવેલ નથી. સાહેદ એવુ જણાવે છે કે, મારા પર્સનલ મોબાઈલ નંબર ૯૯૭૮૭૮૧૯૨૪ ઉપરથી ફોન કરેલ. એ વાત ખરી છે કે, ખેડબ્રમ્હાના પી.એસ.આઈ. નાઓ કયા સરકારી વાહનમાં અને કેટલા વાગ્યે બનાવ સ્થળે આવી ગયેલ તે મારી ફરીયાદમાં જણાવેલ નથી. <u>એ વાત ખરી છે કે, કહેવાતો મુદ્દામાલ પીસ્તોલ આરોપીની અંગજડતીમાંથી મળી આવેલ નથી.</u> એ વાત ખરી છે કે, મારી હાજરીમાં કોઈ પ્રાથમિક પંચનામું કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, અમે જે આરોપીને તપાસના કામે ગાડીમા બેસાડીને લઈ જતા હતા તે આરોપીને અમારી ગાડીના ડ્રાયવર તથા એ.એસ.આઈની નજરમા રાખેલાની હકીકત ફરીયાદમા લખાવેલ નથી. એ વાત ખરી છે કે, કહેવાતો મુદામાલ પીસ્તોલ હાલના આરોપીના સ્વતંત્ર કબજા માંથી મળી આવેલ નથી. સાહેદ એવુ જણાવે છે કે, આરોપીની કબજા વાળી ગાડી માંથી મળી આવેલ. <u>એ વાત ખરી છે કે, મુદામાલ ગાડીના મુળ માલીકની અમોએ કોઈ તપાસ કરેલ નથી.</u>

**(૧૨)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૧ થી સાહેદ એ.એસ.આઇ. વિષ્ણુભાઇ અમરાજી પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, તેઓ સને–૨૦૨૩ માં ખેડબ્રહમા પો.સ્ટે.મા એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન તા.૨૮/૦૩/૨૦૨૩ ના રોજ તેઓ તેઓની ફરજ ઉપર હાજર હતા ત્યારે તેઓના પો.સ્ટેના પી.એસ.આઈ. જે.આર.દેસાઈ નાઓએ તેમને જણાવેલ કે, એલ.સી.બી. પી.એસ.આઈ. ટી.જે દેસાઈ હિંમતનગરનાઓએ તેઓને મોબાઈલ ફોન થી જાણ કરેલ છે કે એક સફેદ કલરની ફોર્ચ્યુનર ગાડી ભીલોડા ત્રણ રસ્તાથી વડાલી તરફ ભાગેલ છે અને વડાલી પો.સ્ટે. આગળ બેરીકેડથી નાકાબંધી કરતા રોંગ સાઈડ થઈ ખેડબ્રમ્હા તરફ ભાગેલ છે અને તેઓ તે ગાડીનો પીછો કરે છે અને આપડે નાકાબંધી કરવાની છે તેવુ જણાવતા અમો ખેડબ્રમ્હા પો.સ્ટે. આગળ આવી સરકારી વાહન તથા બેરીકેડથી નાકાબંધીમા હતા તે દરમ્યાન સફેદ કલરથી ફોરચુન્યર ગાડી વડાલી તરફથી આવતી હોઈ અને તેઓને જોઈ જતા આગળના કટથી તેણે ગાડી યુટર્ન મારેલ અને વડાલી તરફ ભાગેલ જેથી તેઓ તથા પી.એસ.આઈ દેસાઈ સાહેબનાઓએ આ ગાડીનો પીછો કરતા સામેથી એલ.સી.બી.ની સરકારી ગાડી રોંગ સાઈડે આવેલી જેથી ફોરચુન્યર ગાડી વાળાએ તેની ગાડી જયોતિ હાઈસ્કુલ બાજુમા આવેલ કટમાથી સીધી જવા દીધેલ અને આગળ રોડ પુરો થઈ જતા અને આગળ પત્થરની દીવાલ આવતા તેને ગાડી ઉભી રાખેલી અને ગાડીમાથી બે ઈસમો ઉતરીને ભાગેલ જેથી તેઓ તથા એલ.સી.બી.ના માણસો તેઓને પકડવા તેમની પાછળ ભાગેલા અને આ ભાગેલ ઈસમ પૈકી એક ઈસમને એલ.સી.બી.ના પો.કો. ગોપાલભાઈ નાએ પકડી દીધેલ અને બીજો ઈસમ જાડીઓમા ભાગી ગયેલ આ પકડાયેલ ઈસમને ફોરચ્યુનર ગાડી પાસે લાવી તેનુ નામઠામ પુછતા પોતાનુ નામ ગીરધારીરામ જોગારામ જાટ રહે.ગોદારોકી ઢાણી, તા.જી.બાડમેર, રાજસ્થાન નો હોવાનુ જણાવેલ અને નાશી ગયેલ ઈસમ બાબતે પુછતા જે પ્રદિપ બિશ્નોઈ જણાવેલ. ફોરચ્યુનર ગાડીમા તપાસ કરતા તેમા પોશડોડા ભરેલાનુ જણાઈ આવેલ. સદર પોશડોડાના ગુનાના કામે રાજયપત્રીત અધિકારીની

જરૂર હોઈ અને તે અંગે પો.અધિ.શ્રી સાબરકાંઠાને જાણ કરવા જીલ્લા પોલીસ કન્ટ્રોલ રૂમ હિંમતનગર ખાતે ટેલીફોનથી વર્ધી લખાવેલ અને તેઓને સ્થાનીક બંદોબસ્તમા જવાનુ હોઈ તેઓ બંદોબસ્તમા ગયેલા અને એલ.સી.બી. પોલીસને મદદ કરવા સારૂ અ.પો.કો. વાસુભાઈ તથા ડ્રાઈવર નીલેશકુમારને મોકલી આપેલ. મને પાછળથી જાણવા મળેલ કે આ ગાડીમા તપાસ કરતા તેમાથી દેશી બનાવટની પીસ્તોલ મળી આવેલી. આ આરોપીઓ વિરુધ્ધ એન.ડી.પી.એસ. તથા આર્મ્સ એકટના ગુના અન્વયે અલગ અલગ ગુના દાખલ કરવામા આવેલ હોવાનુ જણાવેલ છે**. તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, અમે કયા નંબરની ગાડીથી તથા કઈ ગાડીથી ફોરચ્યુનર ગાડીનો પીછો કરેલો તે મારા નિવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, અમે કેટલા વાગે નાકાબંધીમા ઉભા રહેલ તેનો સમય મારા નીવેદનમા જણાવેલ નથી. સાહેદ એવુ જણાવે છે કે, સવારે ૮:૫૦ વાગ્યે ફોન આવતા તરતજ નાકાબંધીમા ગયેલા. એ વાત ખરી છે કે, મારા નીવેદનમા પી.એસ.આઈ. સીવાય ખેડબ્રમ્હા પોલીસ સ્ટેશનના અન્ય કયા પોલીસ કર્મચારી નાકાબંધીમા રોકાયેલ તેના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ સ્થળે જતા પહેલા અમારી કોઈ અંગ ઝડતી કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, મારી હાજરીમા આરોપીની અંગઝડતીમાથી કોઈ મુદદામાલ મળી આવેલ નથી.

**(૧૩)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૨ થી સાહેદ પો.કો. વાસુભાઇ ઇન્દુભાઇ સોલંકીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, તેઓ સને–૨૦૨૩ માં ખેડબ્રમ્હા પોલીસ સ્ટેશનમા આ.પો.કો. તરીકે ફરજ બજાવતો હતો તે દરમિયાન તા.૨૮/૦૩/૨૦૨૩ ના રોજ અમો અમારી ફરજ ઉપર હાજર હતા ત્યારે અમારા પો.સ્ટેના પી.એસ.આઈ. એલ.સી.બી. પી.એસ.આઈ. ટી.જે.દેસાઈ હિંમતનગરનાઓએ અમોને મોબાઈલ ફોન થી જાણ કરેલ છે કે એક સફેદ કલરની કોર્ચ્યુનર ગાડી ભીલોડા ત્રણ રસ્તાથી ભાગીને વડાલી

તરફ જાય છે અને વડાલી પો.સ્ટે. આગળ બેરીકેડથી નાકાબંધી કરતા રોંગ સાઈડ થઈ ખેડબ્રહમા તરફ આવે છે અને તેઓ તે ગાડીનો પીછો કરે છે અને આપડે નાકાબંધી કરવાની છે તેવું જણાવતા અમો તથા પી.એસ.આઈ. જે.આર. દેસાઈ સાહેબ નાઓ તથા અન્ય સ્ટાફના માણસો સાથે ખેડબ્રમ્હા પો.સ્ટે. આગળ આવી સરકારી વાહન તથા બેરીકેડથી નાકાબંધીમા હતા તે દરમ્યાન સફેદ કલરથી ફોરચુન્યર ગાડી વડાલી તરફથી આવતી હોઈ અને અમને જોઈ જતા તેણે ગાડી યુટર્ન મારેલ અને વડાલી તરફ ભાગેલ જેથી અમે તથા પી.એસ.આઈ દેસાઈ સાહેબનાઓએ આ ગાડીનો પીછો કરતા સામેથી એલ.સી.બી.ની સરકારી ગાડી રોંગ સાઈડે આવેલી જેથી ફોરચુન્યર ગાડી વાળાએ તેની ગાડી જયોતિ હાઈસ્કુલ બાજુમા આવેલ કટમાથી સીધી જવા દીધેલ અને આગળ રોડ પુરો થઈ જતા અને આગળ પત્થરની દીવાલ આવતા તેને ગાડી ઉભી રાખેલી અને ગાડીમાથી બે ઈસમો ઉતરીને ભાગેલ જેથી અમો તથા એલ.સી.બી.ના માણસો તેઓને પકડવા તેમની પાછળ ભાગેલા અને આ ભાગેલ ઈસમ પૈકી એક ઈસમને એલ.સી.બી.ના પો.કો. ગોપાલભાઈ નાએ પકડી દીધેલ અને બીજો ઈસમ ઝાડીઓમા ભાગી ગયેલ આ પકડાયેલ ઈસમને ફોરચુન્યર ગાડી પાસે લાવી તેનુ નામઠામ પુછતા પોતાનુ નામ ગીરધારીરામ જોગારામ જાટ રહે.ગોદારોકી ઢાણી, તા.જી,બાડમેર, રાજસ્થાન નો હોવાનુ જણાવેલ અને નાશી ગયેલ ઈસમ બાબતે પુછતા જે પ્રદિપ બિશ્નોઈ જણાવેલ. ફોરચ્યુનર ગાડીમાં તપાસ કરતા તેમા કાળા કલરના વીસ કોથળા મળી આવેલા અને જે જોતા તેમાં પોશડોડા ભરેલાનુ જણાઈ આવેલ. એલ.સી.બી. પોલીસને મદદ કરવા સારૂ અમો તથા અમારી ગાડીના ડ્રાઈવર નીલેશભાઈનાઓ બનાવ સ્થળે રોકાયેલા અને અમારા પી.એસ.આઈ સાહેબને તથા એ.એસ.આઈ. વિષ્ણુભાઈને બંદોબસ્તમાં જવાનુ હોઈ તેઓ જતા રહેલા. ત્યારબાદ આ ફોર્ચ્યુનર ગાડીની અંદર તપાસ કરતા ડ્રાઈવર સીટની બાજુમાં ગીયર બોકસની પાછળ એક ખાનુ બનાવેલ હતુ અને તેમાં તપાસ કરતા એક દેશી બનાવટની પીસ્તોલ મળી આવેલી ત્યારબાદ પંચોના માણસો બોલાવી પી.આઈ.જે.એ.રાઠવા સાહેબ નાઓ રૂબરૂ સરકારી પંચોને હાજર રાખી પંચનામાં કરવામાં આવેલા. પોશડોડાનુ વજન કરવામાં આવેલ.

આ સમયે એફ.એસ.એલ.અધિકારી એસ.એમ.ધનકર સાહેબનાઓ હાજર રહેલા. બનાવની એલ.સી.બી. પી.એસ.આઇ. ટી.જે.દેસાઇ સાહેબનાઓએ ફરીયાદ આપેલી. ત.ક.અમલદારે બનાવ સબંધે તેઓનો જવાબ લીધેલ હોવાનુ જણાવેલ છે. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, અમે કેટલા વાગ્યે નાકાબંધીમાં ગયેલા તેનો સમય મારા નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, અમે નાકાબંધીમાં કોણ કોણ ઉભા રહેલા તેના નામ મારા નિવેદનમાં જણાવેલા નથી. એ વાત ખરી છે કે, કહેવાતી મુદ્ધામાલ પીસ્તોલ આરોપીની અંગજડતીમાંથી મળી આવેલ નથી.

**(૧૪)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક-૨૩ થી સાહેદ પો.કો. નિલેશકુમાર પ્રભુદાસને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, તેઓ સને-૨૦૨૩ માં ખેડબ્રમ્હા પોલીસ સ્ટેશનમા ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો હતો તે દરમિયાન તા.૨૮/૦૩/૨૦૨૩ ના રોજ અમો અમારી ફરજ ઉપર હાજર હતા ત્યારે અમારા પો.સ્ટેના પી.એસ.આઈ. જે.આર.દેસાઈનાઓએ તેઓને જણાવેલ કે એલ.સી.બી. પી.એસ.આઈ. ટી.જે.દેસાઈ હિંમતનગરઆઓએ અમોને મોબાઈલ ફોન થી જાણ કરેલ છે કે એક ફોર્ચ્યુનર ગાડી ભીલોડા ત્રણ રસ્તાથી ભાગીને વડાલી તરફ જાય છે અને વડાલી પોલીસ સ્ટેશન આગળ બેરીકેડથી નાકાબંધી કરતા રોંગ સાઈડ થઈ ખેડબ્રમ્હા તરફ આવે છે અને તેઓ તે ગાડીનો પીછો કરે છે અને આપડે નાકાબંધી કરવાની છે તેવુ જણાવતા અમો તથા પી.એસ.આઈ. જે.આર. દેસાઈ સાહેબ નાઓ તથા અન્ય સ્ટાફના માણસો સાથે ખેડબ્રમ્હા પો.સ્ટે. આગળ આવી સરકારી વાહન તથા બેરીકેડથી નાકાબંધીમાં ઉભા રહેલા તે દરમ્યાન એક સફેદ કલરની ફોરચુન્યર ગાડી વડાલી તરફથી આવતી હોઈ અને અમને જોઈ જતા તેણે ગાડી યુટર્ન મારેલ અને વડાલી તરફ ભાગેલ જેથી અમે તથા પી.એસ.આઈ દેસાઈ સાહેબનાઓએ આ ગાડીનો પીછો કરતા સામેથી એલ.સી.બી.ની સરકારી ગાડી રોંગ સાઈડે આવેલી જેથી ફોરચુન્યર ગાડીવાળાએ તેની ગાડી

જયોતિ હાઈસ્કુલ તરફ સીધી જવા દીધેલ અને આગળ રોડ પુરો થઈ જતા અને આગળ પત્થરની દીવાલ આવતા તેને ગાડી ઉભી રાખેલી અને અમે અમારી ગાડી લઈને તેની પાછળ ગયેલા. અમે સ્થળ ઉપર પહોંચતા આ ફોર્ચ્યુનર ગાડીવાળો ગાડી મૂકીને નાસી ગયેલો અને આ ભાગેલ વ્યકિતમાંથી એક ઈસમને એલ.સી.બી.વાળા પકડીને લાવેલા અને બીજો ઈસમ ઝાડી ઓમા ભાગી ગયેલ આ પકડાયેલ ઈસમને ફોરચુન્યર ગાડી પાસે લાવી તેનુ નામઠામ પુછતા પોતાનુ નામ ગીરધારીરામ જોગારામ જાટ રહે.ગોદારોકી ઢાણી, તા.જી. બાડમેર, રાજસ્થાનનો હોવાનું જણાવેલ અને નાશી ગયેલ ઈસમ બાબતે પુછતા જે પ્રદિપ બિશ્નોઈ હોવાનુ જણાવેલ. ફોરચ્યુનર ગાડીમા તપાસ કરતા તેમા કાળા કલરના વીસ કોથળા મળી આવેલા અને જે જોતા તેમાં પોશડોડા ભરેલાનુ જણાઈ આવેલ. <u>એલ.સી.બી. પોલીસને મદદ કરવા અમારી સાથેના આ.પો.કો. વાસુભાઈ નાઓ બનાવ સ્થળે રોકાયેલા</u> અને અમારા પી.એસ.આઈ. સાહેબને તથા એ.એસ.આઈ. વિષ્ણુભાઈને બંદોબસ્ત માં જવાનુ હોઈ અમો ગાડી લઈને ખેડબ્રમ્હા પો.સ્ટે.માં પરત આવી ગયેલા. ત્યારબાદ મને તથા પોલીસ કો. વાસુભાઈને એલ.સી.બી. પોલીસની મદદ માટે બનાવ સ્થળે મોકલેલા.<u>આ ફોર્ચ્યુનર ગાડીની અંદર તપાસ કરતા ડ્રાઈવર સીટની બાજુમાં ગીયર બોકસની પાછળ એક ખાનુ બનાવેલ હતુ અને તેમાં તપાસ કરતા એક દેશી બનાવટની પીસ્તોલ મળી આવેલી</u> ત્યારબાદ પંચોના માણસો બોલાવી પી.આઈ.જે.એ.રાઠવા સાહેબનાઓ રૂબરૂ સરકારી પંચોને હાજર રાખી પંચનામાં કરવામાં આવેલા. પોશડોડાનુ વજન કરવામાં આવેલ. આ સમયે એફ.એસ.એલ.અધિકારી એસ.એમ.ધનકર સાહેબનાઓ હાજર રહેલા. બનાવની એલ.સી.બી. પી.એસ.આઇ. ટી.જે.દેસાઇ સાહેબનાઓએ ફરીયાદ આપેલી. ત.ક.અમલદારે બનાવ સબંધે તેઓનો જવાબ લીધેલ હોવાનુ જણાવેલ છે. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, અમે કેટલા વાગ્યે નાકાબંધીમાં ગયેલા તેનો સમય મારા નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, અમે નાકાબંધીમાં કોણ કોણ ઉભા રહેલા તેના નામ મારા નિવેદન

માં જણાવેલા નથી. એ વાત ખરી છે કે,કહેવાતી મુદ્દામાલ પીસ્તોલ આરોપીની અંગજડતીમાંથી મળી આવેલ નથી.

**(૧૫)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૫ થી સાહેદ પો.કો. વિક્રમસિંહ મંગળસિંહને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, તેઓ સને–૨૦૨૩ માં એલ.સી.બી. શાખા હિંમતનગરમાં અ.પો.કો. તરીકે કરજ બજાવતો હતો તે દરમિયાન તા.૨૮/૦૩/૨૦૨૩ ના રોજ તેઓ અમારી ફરજ ઉપર હાજર હતા ત્યારે અમો તથા સ્ટાફના પી.એસ.આઈ. ટી.જે.દેસાઈ તથા પો.કો. ગોપલભાઈ તથા એ.એસ.આઈ.યુનુસભાઈએ રીતેના હિંમતનગર એ. ડીવીઝન પોલીસ સ્ટેશન પ્રોહી. ગુનાના કામે તપાસમાં હિંમતનગરથી સરકારી ગાડી લઈને રાજસ્થાન તપાસ અર્થે નીકળેલા તે દરમ્યાન ઈડરથી ભીલોડા રોડ ઉપર જતા હતા ત્યારે મોહનપુર રેલ્વે ફાટક નજીક જતા એક ફોચ્યુનર ગાંડી શંકાસ્પદ જણાતા સાથેના પો.સ.ઈ. તથા પો.સ્ટાફના માણસોએ સદર ગાડીને રોકવા પ્રયત્ન કરતા સદર ગાડી ઈડરથી વડાલી તરફ ભાગેલી તે દરમ્યાન અમારી સરકારી ગાડી પાછી વાળી આ ફોર્ચ્યુનર ગાડીનો પીછો ચાલુ રાખેલ અને તે દરમ્યાન ઈ./ચા.પી.એસ.આઈ. વડાલી પોલીસ સ્ટેશને આ બાબતની જાણ કરેલી. વડાલી રોડ ઉપર વડાલી પો.સ્ટે. ધ્વારા બેરીકેટીંગ મૂકેલ હોવા છતા આ ફોર્ચ્યુનર ગાડી વાળાએ તેની ગાડી સાઈડ માંથી હંકારેલી તે દરમ્યાન અમારી સાથેના પો.સ.ઈ. નાઓએ તેઓના મોબાઈલ ફોન પરથી ખેડબ્રમ્હા પો.સ્ટે. આ બાબતે જાણ કરેલી તે દરમ્યાન ખેડબ્રમ્હા પોલીસ સ્ટેશન આગળ બેરીકેટીંગ મૂકી રસ્તો બ્લોક કરેલ હોય સદર ગાડી વાળાએ પોતાની ગાડીને યુટર્ન મારી પરંત આવતો હોઈ તે દરમ્યાન અમારી સરકારી ગાડી રોન્ગ સાઈડમાં હંકારી સદર ફોર્ચ્યુનર ગાડીનો ચાલક દૂરથી અમારી સરકારી પોલીસની ગાડી જોઈ પરત તેની ગાડી પાછી વાળેલ અને તે દરમ્યાન જયોતિ હાઈસ્કુલની દક્ષિણ તરફ આવેલ આર.સી.સી. રોડ તરફ હંકારેલ તે દરમ્યાન અમે પણ અમારી સરકારી ગાડી ધ્વારા તેનો પીછો કરેલો દરમ્યાન આર.સી.સી. રોડ ઉપર એકાદ કિલોમીટર

આગળ જઈ આ રોડ પૂરો થતા તેમજ સામે દિવાલ આવી જતા આ ફોર્ચ્યુનર ગાડી ત્યાં ઉભી રહેલ અને ગાડીમાંથી બે ઈસમો ભાગવા લાગેલા. તે દરમ્યાન અમો તથા પો.સ.ઈ. સાહેબ તથા સ્ટાફના માણસો આ બે ઈસમોને પકડવા માટે તેની પાછળ ભાગેલા તે દરમ્યાન એક ઈસમને અમોએ પકડેલ અને બીજો ઈસમ ભાગી ગયેલ અને સદર ઈસમને પકડીને ફોર્ચ્યુનર ગાડી પાસે લાવેલા આ ફોર્ચ્યુનર ગાડીનો નંબર જી.જે.૦૧. આર. પી. ૯૫૬૯ નો હતો. સદર ગાડીને સાથેના ઈન્ચાર્જ શ્રીએ જડતી તપાસ કરતા અંદર કાળા કલરના પ્લાસ્ટીકના કોથળામાં કંઈક ભરેલ હોવાનુ જણાઈ આવતા ઈ.ચા.શ્રીએ ખોલીને જોતા તેમાં પોષડોડા હોવાનુ જણાવેલ. ઉપરોકત પોષડોડા નુ પંચનામુ કરવા ગેજેટેડ ઓફિસરની જરૂરીયાત હોઈ સાથેના પો.સ.ઈ.શ્રીએ જે બાબતે કાર્યવાહી કરેલી ત્યારબાદ ખેરોજ પો.સ્ટે. પી.આઈ. રાઠવા સરનાઓ સરકારી પંચો સાથે હાજર રહેલા દરમ્યાન પી.આઈ.શ્રીએ પકડેલ ઈસમને તેમને પોતાની ગેજેટેડ ઓફિસર તરીકેની ઓળખ આપી સરકારી પંચોની હાજરીમાં પકડાયેલ ઈસમનુ નામઠામ પૂછતા તેણે પોતાનુ નામ ગીરધારીરામ જોગારામ ગોદારા રહે.ગોદારોકી ધાણી, બાડમેર ના હોવાનુ જણાવેલ દરમ્યાન સદર ગાડીમાં પોષડોડા હોઈ તેમનુ તોલાટ કરવા માટે તેમજ એફ.એસ.એલ. અધિકારીને બોલાવવા સારુ પી.આઈ. સાહેબે કાર્યવાહી કરેલી <u>સદર ફોર્ચ્યુનર ગાડીની વધુ તપાસ કરતા ડ્રાયવર સીટની બાજુમાં ગીયર બોક્ષમાંથી દેશી બનાવટની એક પીસ્તોલ મળી આવેલ.</u> તેના ઉપર અંગ્રે જીમાં લખાણ લખેલ હતુ જે મને હાલ યાદ નથી. જેથી સદર પિસ્તોલ બાબતે આ ગીરધારીરામને પૂછતા આ પિસ્તોલ મારી સાથેના ગાડીચાલક પ્રદીપ બિશ્નોઈ રહે.જોધપુર, રાજસ્થાન નાઓનુ છે તેવુ જણાવેલ. સદર પિસ્તોલ બાબતે પાસ પરમીટ માગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ જેથી સદર પિસ્તોલની કિંમત પાંચ હજાર ગણી પ્લાસ્ટીકના ડબામાં મૂકી તેની ઉપર દોરાથી પંચો તથા પી.આઈ. રાઠવા સાહેબની સહી, તથા પંચોની સહી વાળી સ્લીપ બાંધી ખેડબ્રમ્હા પો.સ્ટે.ના માર્કાનુ લાખથી પાકુ સીલ કરી તપાસ અર્થે કબજે કરેલ ત્યારબાદ ઈ.ચાર્જ શ્રીએ પોષડોડાનુ વજન કરાવ્યુ અને તપાસ અર્થે કબજે કરેલ. આરોપી પાસેથી મળી આવેલ ફોર્ચ્યુનર ગાડી તપાસ અર્થે કબજે કરેલ

અને અમારી સાથેના પો.સ.ઈ.ટી.જે.દેસાઈ સાહેબનાઓએ આરોપી વિરુધ્ધ ધી આર્મ્સ એકટની કલમ હેઠળના ગુનાની ફરીયાદ આપેલ. બનાવ સબંધે ત.ક. અમલદારે મારો જવાબ લીધેલ હોવાનુ જણાવેલ છે. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, તેઓ એલ.સી.બી.ઓફિસમાંથી કયા પ્રકારની ગાડી લઈને નીકળેલા તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે, ઈડરથી ભીલોડા જવાનો રસ્તો હાઈવે છે અને ત્યાં ઘણાબધા વાહનોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે, અમારી સાથેના પી.એસ.આઈ. નાઓએ કયા મોબાઈલ નંબર ઉપરથી વડાલી પી.એસ.આઈ.ને કયા મોબાઈલ નંબર ઉપર ફોન કરેલ તે નંબર મારા નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, ખેડબ્રમ્હાના પી.એસ.આઈ. નાઓ કયા સરકારી વાહનમાં અને કેટલા વાગ્યે બનાવ સ્થળે આવી ગયેલ તે મારા નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, કહેવાતો મુદ્દામાલ પીસ્તોલ આરોપીની અંગજડતીમાંથી મળી આવેલ નથી. સાહેદ એવુ જણાવે છે કે, આરોપી ગાડી મૂકીને ભાગેલો અને તે ગાડીની જડતી તપાસ કરતા તેમાંથી મુદ્દામાલ પિસ્તોલ મળી આવેલી. એ વાત ખરી છે કે, મારી હાજરીમાં કોઈ પ્રાથમિક પંચનામુ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, તેઓના પોલીસ રૂબરૂ ના નિવેદનમાં ગીયર બોક્ષમાંથી પિસ્તોલ મળી આવેલ તેવુ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મે મારા નિવેદનમાં એવુ લખાવેલ નથી કે એકાદ કિલોમીટર આગળ જતા આર.સી.સી. રોડ પુરો થઈ જતા અને આગળ દીવાલ આવતા ગાડી ઉભી રાખેલી.

**(૧૬)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૬ થી સાહેદ વિપુલસિંહ માધુસિંહને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, તેઓ સને– ૨૦૨૩ માં તેઓ ડી.એસ.પી.કચેરી હિંમતનગરમાં એમ.ટી. વિભાગમાં આ/સો ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા અને છેલ્લા આઠ માસથી એલ.સી.બી. સાબરકાંઠાની સરકારી બોલેરો જીપ ગાડી ચલાવતો હતો તે દરમિયાન તા.૨૮/૦૩/૨૦૨૩ ના રોજ તેઓ તેઓની ફરજ ઉપર હાજર હતા ત્યારે તેઓ તથા સ્ટાફના

પી.એસ.આઈ. ટી.જે.દેસાઈ તથા પો.કો. ગોપાલભાઈ તથા એ.એસ.આઈ. યુનુસભાઈ તથા અ.પો.કો. વિક્રમસિંહ એ રીતેના હિંમતનગર એ. ડીવીઝન પો.સ્ટે. પ્રોહી. ગુના ના કામે રીમાન્ડ ઉપરના આરોપીને સાથે લઈ તપાસમાં હિંમતનગરથી સરકારી ગાડી લઈને રાજસ્થાન તપાસ અર્થે નીકળેલા તે દરમ્યાન અમો જતા હતા ત્યારે મોહનપુર રેલ્વે ફાટક પછી આગળ જતા એક ફોરચ્યુનર ગાડી સામે મળેલી અને આ ગાડી અમને શંકાસ્પદ લાગતા. અમોએ અમારી ગાડી ધ્વારા તેનો પીછો કરેલો. આ ફોરચ્યુનર ગાડી વાળો ઈડર તરફ ભાગેલો અને ઈડર તરફ નહી જતા વડાલી તરફ તેની ગાડી જવા દીધેલી. અમારી સાથેના પી.એસ.આઈ. દેસાઈ સાહેબનાઓએ વડાલી પો.સ્ટે. ફોન કરીને જાણ કરેલ કે એક ફોરચ્યુનર ગાડી ફુલ સ્પીડમા વડાલી તરફ આવી રહેલ છે અને તે શંકાસ્પદ હોઈ તેને પકડવાની હોઈ તેને રોકજો પછી આ ગાડી વાળો વડાલીથી ખેડબ્રમ્હા તરફ ભાગેલો.જેથી અમારી સાથેના દેસાઈ સાહેબનાઓએ નાકાબંધી કરી આ ગાડીને પકડવા ખેડબ્રમ્હા પો.સ્ટે. જાણ કરેલી. આ ફોરચ્યુનર ગાડીવાળો ખેડબ્રમ્હા પો.સ્ટે આગળ આવતા તેની ગાડી પાછી વાળેલી. જેથી અમે અમારી ગાડી રોંગ સાઈડમાં લીધેલી અને તેનો પીછો કરેલો આ ગાડી વાળો તેની ગાડી લઈને ખેડબ્રમ્હાની સ્કુલ તરફ ભાગેલો અને ત્યા આરસીસી રોડ તરફ ગયેલો. આગળ દીવાલ જેવુ હોઈ રસ્તો પુરો થતા આ ગાડી વાળો તેની ગાડી ત્યા ઉભી રાખી ભાગેલો. અમે અમારી ગાડી લઈને ત્યા પહોંચેલા અમારી સાથેના પી.એસ.આઈ. દેસાઈ સાહેબ તથા પો.સ્ટાફના વિક્રમસિંહ અને ગોપાલભાઈનાઓ આ ભાગેલા માણસોને પકડવા તેની પાસે દોડેલા અને એક ઈસમને પકડેલો અને એક ઈસમ ભાગી ગયેલો. આ ભાગેલા ઈસમને પકડીને ગાડી જોડે લાવેલા અને તેનુ નામ ઠામ પુછેલુ જે નામ મને હાલ યાદ નથી પરંતુ તે રાજસ્થાન રાજ્યનો હતો. ગાડી ચેક કરતા તેમા ૨૦ કોથળા પોશ ડોડાના ભરેલા મળી આવેલા. આ પકડાયેલ ઈસમનુ આધાર કાર્ડ પણ મળી આવેલું. જેથી અમારી સાથેના ખેરોજ પો.સ્ટે.ના પી.આઈ. સાહેબને આ બાબતની જાણ કરેલી અને ખેરોજના પી.આઈ. સાહેબ સ્ટાફના માણસો સાથે સ્થળ ઉપર આવેલા અને ત્યારબાદ પોશડોડાનુ પંચનામુ કરવામાં આવેલુ. આ ફોરચ્યુનર ગાડીની

તપાસ કરતા ડ્રાઈવર સાઈડની સીટની બાજુમા આવેલ બોકસમાથી એક દેશી બનાવટની પીસ્તોલ મળી આવેલી. આ પીસ્તોલનું પણ પંચનામું કરવામાં આવેલું અને ફોરચ્યુનર ગાડી તથા પકડાયેલ ઈસમને ખેડબ્રહમા પો.સ્ટે. લઈ ગયેલા. બનાવની ફરીયાદ દેસાઈ સાહેબે આપેલી. બનાવ સબંધે તેઓનો જવાબ લીધેલ હોવાનુ જણાવેલ છે. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, તેઓ એલ.સી.બી.ઓફિસમાંથી કયા પ્રકારની ગાડી લઈને નીકળેલા તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે, ઈડરથી ભીલોડા જવાનો રસ્તો હાઈવે છે અને ત્યાં ઘણાબધા વાહનોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે, અમારી સાથેના પી.એસ.આઈ. નાઓએ કયા મોબાઈલ નંબર ઉપરથી વડાલી પી.એસ.આઈ. ને કયા મોબાઈલ નંબર ઉપર ફોન કરેલ તે નંબર મારા નિવેદનમાં જણાવેલ નથી.એ વાત ખરી છે કે, કહેવાતો મુદ્દામાલ પીસ્તોલ આરોપીની અંગ જડતીમાંથી મળી આવેલ નથી. એ વાત ખરી છે કે, મારી હાજરીમાં કોઈ પ્રાથમિક પંચનામુ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં ડ્રાઈવર સીટની બાજુમાંથી પિસ્તોલ મળી આવેલ તેવુ જણાવેલ નથી.

**(૧૭)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૭ થી પી.એસ.ઓ. કુલદિપકુમાર કીકમભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, ગઈ તા.૨૮/૩/૨૩ ના રોજ તેઓ ખેડબ્રહમા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. તરીકે ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન એલ.સી.બી. પી.એસ.આઈ. ટી.જે.દેસાઈનાઓ પોતાની જે.એ.રાઠવા પી.આઈ. સમક્ષ સ્થળ ઉપરની ફરીયાદ તેઓની સમક્ષ રજી. કરવા રજી કરવા રજુ કરેલી. જે ફરીયાદ તેઓએ સ્ટેશન ડાયરીમાં નોંધી પોલીસ સ્ટેશન રજી.માં ચડાવી આગળની તપાસ માટે મોકલી આપેલ હોવાનુ જણાવેલ છે. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે,

તેઓએ લેખીત ફરીયાદ આધારે ગુનો રજી. કરેલો તે સિવાય અન્ય કોઇ કામગીરી કરેલ નથી.

(૧૮).. આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક−૩૦ થી ત.ક.અ. સ્વપ્નીલ જીતેન્દ્રભાઈ પંડયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, બનાવ સમયે અમો સર્કલ પો.ઈન્સ ખેડબ્રહમા તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન સદર કામમા ફરીયાદી શ્રી ટી.જે દેસાઈ પો.ઈન્સ દવારા ધી આર્મસ એકટની કલમ ૨૫(૧−બી) એ મુજબની ફરીયાદ તા.૨૫/૦૩/૨૦૨૩ ના રોજ આપવામા આવેલી જે કામે તપાસ કરનાર અમલદાર જે.એ. રાઠવાનાઓ દવારા સદરહુ કામમા ફરીયાદીની ફરીયાદ લખી લીધેલી અને ગુન્હાના કામે મુદદામાલ કબજે કરવાનુ પંચનામુ બે પંચોની હાજરીમાં કર્યા બાદ આગળની તપાસ સારું પેપર બુક મારી તરફ મોકલી આપવામા આવેલ અને જે કામે મે તપાસના કામે સીલ કરેલ મુદદામાલ મેળવી લીધેલ અને જેને જા.નં. ૨૩૩/૨૦૨૩ થી એફ.એસ.એલ માટે પોતાના હોદદાનુ સીલ અને સહી સાથે મોકલી આપેલો જે મુદદામાલમાં હાલના કામે કબજે લેવામાં આવેલ દેસી બનાવટની બંદુક હતી અને સદર તપાસના કામે મે એ.એસ.આઈ યુનુસભાઈ કાદરભાઈ તેમજ અ.પો.કો વિક્રમસિંહ મંગળસિંહ, અ.પો.કો ગોપાળભાઈ પ્રવિણભાઈ, પો.સ.ઈ જયદિપકુમાર રઘુનાથભાઈ, અ.પો.કો વાસુભાઈ ઈન્દુભાઈ તેમજ ડ્રાયવર પો.કોન્સ નીલેશકુમાર પ્રભુદાસ અને આઉટ સોર્સ ડ્રાયવર વિપુલસિંહનાઓના લખાવ્યા મુજબના નીવેદનો મે રૂબરુમા લખી લીધેલા. આરોપીને અટક કરી આરોપીની તપાસના કામે જરૂર હોય રીમાન્ડની નામદાર કોર્ટમા માંગણી કરતા જે મંજુર કરવામા આવેલ અને આરોપીને તપાસના કામે રાજસ્થાન લઈને ગયેલા અને ત્યા નાશતા ફરતા આરોપીની શોધખોળ કરેલી પરંતુ ભાગી જનાર આરોપીનુ નામ પહેલા ખોટુ પ્રદિપ બિશ્નોઈ નામ જણાવેલું અને જેની તપાસ કરતા જેનુ સાચુ નામ વિકાશ ઉર્ફે વિકી ઉર્ફે બાકારામ સ/ઓ પોસલારા જાતે. જાટ ખુલવા પામેલ. સદર ગુન્હાના કામે જે ફોર્ચુનર ગાડી જેનો રજી.નં.જીજે.૧.આર.પી ૯૧૬૯ ના

માલીકીની તપાસ કરેલી. જે ભુજ આર.ટી.ઓમાં નોંધાયેલ ગાડી હતી અને તપાસ કરતા આ ગાડીના માલીક હસન કાસમ સમાનુ નામ ખુલવા પામેલ અને આ હસન કાસમનાએ આ ગાડી સુલતાન લતીફ નાજાને વેચાણ કરેલ અને ત્યારબાદ ભરતપુરી મગનપુરી ગૌસ્વામી મારફતે ઓમપ્રકાશ હરીરામ બાડમેર વાળાઓને વેચાણ કરેલ તેવુ તપાસમા ખુલવા પામેલ. આ બાડમેર વાળાએ દાનાભાઈ રાજપુતને આ ગાડી વેચાણ કરેલ તેવું તપાસમા ખુલવા પામેલ. જે ગાડીને તપાસ કરતા તેનો એન્જીન નંબર તથા ચેચીસ નંબર ભુસી કાઢેલો હતો ત્યારબાદ નાયબ પોલીસ અધિક્ષક ઈડરનાઓની સુચનાઓ મુજબ કાગળો સામેલ રાખેલ અને ત્યાર બાદ તા. ૨૧/૦૪/૨૦૨૩ ના રોજ અમારી બદલી થતા સદર આગળની તપાસ પો.ઈન્સ જે.પી.ચૌધરી નાઓને કાગળો સહીત સોંપેલ હોવાનુ જણાવેલ છે. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, બનાવ સ્થળની નજીકમા જ્યોતી હાઈસ્કુલ અને સોસાયટી વિસ્તાર આવેલ છે. એ વાત ખરી છે કે, મે મારી તપાસ દરમ્યાન પોલીસ સાહેદના નીવેદન લીધેલ છે તે સીવાય અન્ય કોઈ સાહેદના નીવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, મારી રૂબરુમા આરોપી પાસેથી કોઈ મુદદામાલ કબજે લેવામા આવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે, મુદદામાલ આર.પી.એડી.થી એફ.એસ.એલ.માં મોકલેલ. સાહેદ એવુ જણાવે છે કે, મુદદામ માણસ મારફતે મોકલવામા આવેલ. એ વાત ખરી છે કે, જે મુદ્ધામ માણસ મારફતે મુદ્ધામાલ એફ.એસ.એલ મા મોકલેલ તે માણસનુ મે નીવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, એફ.એસ.એલ મા મુદદામાલ મોકલાવેલ તે લેટરમાં મુદ્ધામ માણસનુ નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે મુદદામાલ વાહન ફોર્ચુનર ગાડી હાલના આરોપીની માલીકીની નથી. એ વાત ખરી છે કે, ભુજ આર.ટી.ઓ કચેરીના કોઈ કર્મચારીનુ મે નીવેદન નોંધેલ નથી. સાહેદ એવુ જણાવે છે કે, આ કામે અ.હે.કો દિલીપભાઈ ભાણજીભાઈને સદરહુ સાહેદના નીવેદન લેવા મોકલેલા અને તેઓ મારફતે નીવેદન લેવામા આવેલ તેવુ મારી કેસ ડાયરીમા નોંધ કરેલ છે.

(૧૯).. આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૧ થી ત.ક.અ. જીગ્નેશકુમાર અમરસિંહ રાઠવાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,સને ૨૦૨૩ મા તેઓ ખેરોજ પોલીસ સ્ટેશનમાં પી.આઈ. તરીકે ફરજ ઉપર હાજર હતા અને તે વખતે તેઓને બનાવની જાણ એલ.સી.બી.શાખા હિંમતનગરના પી.એસ.આઈ. શ્રી ટી.જે.દેસાઈ ધ્વારા જાણ કરવામા આવેલી. તેઓને એવી જાણ કરવામાં આવેલ કે, એક સફેદ કલરની ફોરચ્યુનર ગાડીમાં કાળા કોથળામા પોશ ડોડા ભરી મધ્યપ્રદેશથી ગુજરાત રાજ્યમાં વહન કરી રહયા હતા અને તે દરમ્યાન આ ગાડી શંકાસ્પદ જણાતા એલ.સી.બી. પોલીસ હિમનગરનાઓએ તેનો પીછો કરીને પકડેલ આ પીછો વડાલી પોલીસ સ્ટેશન વિસ્તારથી કરેલો અને ખેડબ્રમ્હા પો.સ્ટે. વિસ્તારમા પકડાઇ ગયેલો. અમોને ટી.જે.દેસાઈનાઓએ એવી જાણ કરેલ કે આ ગુનાના કામે ગેઝેટેડ ઓફીસરની જરૂર પડશે અને આ દરમ્યાન એસ.પી. સાહેબનો ફોન આવેલો અને અમોને જણાવેલ કે ખેડબ્રમ્હા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોશ ડોડા ભરેલી ગાડી પકડાયેલ છે અને તે કામે ગેઝેટેડ ઓફીસરની તપાસના કામે જરૂર હોઈ તમે સ્થળ ઉપર જઈ કાર્યવાહી કરો. જેથી આ મેસેજની અમોએ સ્ટે.ડા.મા ૭/૨૩ થી નોંધ કરી બનાવ સ્થળે જવા માટે સવારના ૧૦:૫૦ કલાકે રવાના થયેલા. અમો આશરે ૧૧:૩૦ કલાકે ખેડબ્રમ્હા પો.સ્ટે. પહોચી ગયેલા. ત્યારબાદ આ ગુનાના કામે સરકારી પંચોની તથા એફ.એસ.એલના અધિકારી નાઓની જરૂર હોઈ તેઓને હાજર રહેવા યાદી કરેલી. ત્યારબાદ સરકારી પંચો તથા એફ.એસ.અધિકારી એસ.એમ.ધનગર સાહેબ આવી જતા તોલાટ દીલીપભાઈ પ્રતાપભાઈ વણજારાને વજન કાંટા સાથે બોલાવી બનાવવાળી જગ્યાએ કલાક ૧૭:૦૦ જવા રવાના થયેલા. અમો અમારી સાથે ખેડબ્રમ્હા પો.સ્ટે.ની ઈન્વે. ટીમ લઈ ગયેલા અને આ કામે પકડાયેલ પોશડોડાને સીલ પેક કરવા પો.સ.ઈ.શ્રી ખેડબ્રમ્હાનુ સીલ તથા લાખ, દોરા તથા એ.એસ.આઈ વિષ્ણુભાઈ અમરાભાઈનુ લેપટોપ લઈને ગયેલા બનાવ સ્થળે જાઈને જોતા એક ફોરચ્યુનર ગાડી પહેલ હતી અને ત્યા અને આરોપી પણ હાજર હતો જે ઈસમનું નામ ઠામ પુછતા પોતાનું નામ ગીરધારીરામ જોગારામ જાટ, રહે.

રાજસ્થાન રાજ્યનો હોવાનું જણાવેલ. સદર ઈસમે ચોકડી ભાતનો શર્ટ તથા કમરે ક્રિમ કલરનું પેન્ટ પહેરેલું હતું. સદર ગાડીની તપાસ કરતા ગાડીમાંથી વનસ્પતિ જન્ય પદાર્થ ૨૦ કોથળા પોશડોડા ભરેલા મળી આવેલા. તેમજ તપાસ કરતા અંગ્રેજીમા લખેલી બે નંબર પ્લેટો એક સરખા નંબરવાળી મળી આવેલ. જેના ઉપર રજી.નં.જીજે–૨૭ સી–૬૭૮૪ લખેલ હતો. તેમજ આ ગાડીમાં તપાસ કરતા ડ્રાઈવર સીટની બાજુમા આવેલ ગીયર બોકસની પાછળ એક ઢાંકણવાળી ડેકી આવેલ હતી અને તેમાં તપાસ કરતા એક હાથ બનાવટની પિસ્તોલ મળી આવેલી. જે પિસ્તોલની કુલ લંબાઈ ૨૦ સેમી. અને બેરલની લંબાઈ ૧૧.૩ સેમી. હતી. તેનુ મેગેઝીન ખોલી જોતા તેમા કારતુસ મળી આવેલ નહીં અને પિસ્તોલ ઉપર અંગ્રેજીમા STAR MODL ૪ I તથા MADE IN MUNSR લખેલ હતુ. આ પિસ્તોલ રાખવા બાબતે સદરહુ ઈસમ પાસે પાસ પરમીટ માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ અને સદર પિસ્તલ ગાડીના ચાલક અને નાશી ગયેલ આરોપી પ્રદીપ બિશ્નોઈ રહે. ઓશીયાનુ જણાવેલ. જેથી સદર પિસ્તોલનુ બે પંચો રૂબરૂ પંચનામુ કરી તેની કિ.રૂા.૫૦૦૦/– ગણી એક પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બામા મુકી તેના ઉપર દોરાથી પંચો તથા અમારી તથા આરોપી સહી વાળી સ્લીપ બાંધી તેના ઉપર PSI KHEDBRAHMA POLICE STN. ના માર્કાનુ લાખથી પાકુ સીલ કરી તપાસ અર્થે કબજે લીધેલ. ગાડીમાથી જે ૨૦ કોથળા ભરેલા પોશડોડા મળી આવેલા તેનુ તોલાટ મારફતે પંચો રૂબરૂ વજન કરવામાં આવેલ અને તેમાથી સેમ્પલ માટે ૪૦ પ્લાસ્ટીકના બોકસ ભરવામા આવેલ અને આ બોકસ ઉપર પંચોની તથા અમારી સહીવાળી કાપલી લગાવી તેના ઉપર પી.એસ.આઈ. ખેડબ્રમ્હા સીલ મારી લાખ દોરાથી સીલ પેક કરેલ અને બાકીના કોથળાનુ વજન ૪૦૧.૫૫૦ કિ.ગ્રા થયેલો. જે કોથળાને સીલ પેક કરી તપાસ અર્થે કબજે લીધેલા અને આ મુદામાલની મુદદામાલ પાવતી ફાળવવામાં આવેલી. આ કામે પોશડોડા ભરેલ ફોરચ્યુનર ગાડીની કિ.રૂ. સોળ લાખની ગણી પંચો રૂબરૂ તેનુ વિગતવારનું પંચનામું કરી તપાસ અર્થે કબજે લીધેલ આમ આ કામે કુલ રૂા.૨૮,૧૪,૬૫૦/– ની કિંમતનો મુદદામાલ કબજે કરી જે બાબતનુ વિગતવારનું પંચનામુ કલાક ૧૭:૨૦ થી ૨૨:૧૫ સુધીનુ પંચોના લખાવ્યા

મુજબ અમોએ લેપટોપમા અમારી રૂબરૂ કરી લીધેલુ અને તેની પ્રિન્ટ કાઢી સ્થળ ઉપર બે પંચો તથા રૂબરૂ તરીકે અમારી સહી કરેલી. જે આંક–૧૧ વાળુ પંચનામુ મને બતાવમા આવે છે જેમા પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આરોપીને પોલીસ સ્ટે. લઈ ગયેલ આમ આરોપીના કબજાવાળી ફોરચ્યુનર ગાડીમાથી પોશડોડાના ભરેલા કોથળા તથા હાથ બનાવટની પિસ્તોલ મળી આવેલ હોઈ આરોપી વિરુધ્ધ એન.ડી.પી.એસ એકટની કલમ મુજબ તેમજ ધી આર્મ્સ એકટની કલમ મુજબ બે અલગ અલગ ગુના દાખલ કરવામાં આવેલા. તેમ જણાવી આંક–૨૦ વાળી ફરીયાદમા ફરીયાદી તરીકે પી.એસ.આઈ. ટી.જે.દેસાઈ તથા રૂબરુ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર ગુનાની આગળની તપાસ સી.પી.આઈ. શ્રી એસ.જે.પંડયાનાઓને સોપવામા આવેલી. ત્યારબાદ ચાલુ તપાસ દરમ્યાન ત.ક.અ.એસ.જે.પંડયાની બદલી થતા તેમનો ચાર્જ પી.આઈ.શ્રી જે.પી.ચૌધરીનાઓએ સંભાળેલી અને તેઓની તપાસમા એવુ ખુલવા પામેલ કે આ કામે પ્રથમ પકડાયેલ આરોપી ગીરધારીરામે નાશી ગયેલ ગાડીના ચાલકનુ નામ જે પદીપ બિશ્નોઈ જણાવેલ તે ખોટું જણાવેલ હતુ અને આવો કોઈ માણસ હતો નહી અને પાછળથી આરોપી ગીરધારીરામે નાશી ગયેલ આરોપીનુ સાચુ નામ વિકાસ ઉર્ફે વીકી ઉર્ફે બાકારામ સ/ઓ. કોસલારામ રહે રાજસ્થાનનો હોવાનુ જણાવેલ. આ સિવાય તેઓએ બીજી કોઈ તપાસ કરેલ નથી. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, આ કામે તપાસ કરવાનો અમોને કોઈ લેખિત હુકમ મળેલો નહી. એ વાત ખરી છે કે, કહેવાતો આરોપી ગાડી ચલાવતો હોય અને તે ગાડીમાંથી મુદદામાલ મળી આવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે, બનાવવાળી જગ્યાએ લાઈટની વ્યવસ્થા નથી. સાહેદ એવુ જણાવે છે કે ત્યા બાજુમા અશોકભાઈ નટુભાઈ પટેલનુ નવીન ગોડાઉન હતુ અને તેમાથી વાયર ખેચી લાઈટની વ્યવસ્થા કરવામા આવેલી.

(૨૦).. આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૫ થી સાહેદ સુનીલભાઈ મોહનભાઈ ધનગરને સોગંદ ઉપર તપાસવામાં આવેલ

છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, સને–૨૦૨૨ માં તેઓ હિમતનગર મુકામે સાયન્ટીફીક ઓફીસર તરીકે મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વાનમાં ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૨૮/૩/૨૩ ના રોજ ખેરોજ પો.સ્ટે માંથી ફોન આવેલો અને જણાવેલ કે, શંકાસ્પદ માદક પદાર્થ મળેલ છે તેની તપાસ કરવાની હોય તમે સ્થળ ઉપર આવો. તેમને ટેલીફોનમાં ખેડબ્રહમા જયોતી હાઈસ્કુલની બાજુમાં હાજર રહેવા જણાવેલ જેથી તેઓ તેઓની સરકારી ગાડી લઈને ખેડબ્રહમાં જયોતી હાઈસ્કુલની બાજુમાં ગયેલા ત્યા આઈ.ઓ પો.ઈન્સ જે.એ.રાઠવાનાઓ સ્થળ ઉપર હાજર હતા અને તેઓએ અમોને એક ફોર્ચુનર ગાડી બતાવેલી જે ગાડીનો નંબર જી.જે.૦૧.આર.પી.૯૫૬૯ નો હતો. જે સફેદ કલરની હતી. આ ગાડી ખોલીને ત.ક.અમલદારે તેઓને તે ગાડીમાં ભરેલ કાળા કલરના ૨૦ કોથળા બતાવેલા જે ૨૦ કોથળામાંથી એક કોથળો મે નીચે ઉતરાવેલો અને તે કોથળો ખોલીને તેમાં ભરેલ પદાર્થ જોતા પીળા કલરનો નાના મોટા ટુકડા તથા ભુકકા સ્વરૂપનો વનસ્પતી જન્ય પદાર્થ હતો. આ પદાર્થનુ પ્રાથમીક રાસાયણીક પરીક્ષણ કરતા તેમાં ઓપીયમ ના આલ્કલોઈડ ની હાજરી મળી આવેલી. ત્યારબાદ તેઓએ બધા કોથળા નીચે ઉતારાવેલા અને દરેક કોથળા માં ભરેલ પદાર્થને વારા ફરથી ચેક કરેલ અને તે તમામ પદાર્થ સમાન પ્રકારનો એટલે કે ઓપીયેમના આલ્કલોઈડની હાજરીવાળો હતો. જે ૨૦ કાળા કલરના કોથળા મળી આવેલા તે દરેક કોથળામાંથી પંચો રૂબરુ પાંચસો પાંચસો ગ્રામ પદાર્થ સેમ્પલ તરીકે લઈ પ્લાસ્ટીકના ડબામાં સીલપેક કરી તેને પરીક્ષણ માટે એફ.એસ.એલ ગાંધીનગર મોકલવા સુચના આપેલી. તેમજ આ ૨૦ કોથળા માંથી પાંચસો પાંચસો ગ્રામ સેમ્પલ લઈ તે સેમ્પલ રીઝર્વ રાખવા આઈ.ઓને સુચન કરેલ તેમજ બાકી રહેલ પદાર્થ રીઝર્વ તરીકે રાખવા સુચન આપેલ. **આ ફોર્ચુનર ગાડીના આગળના ભાગે ચેક કરતા ડેસબોર્ડમાંથી એક દેશી બનાવટની પીસ્તોલ મળી આવેલી.** આ પીસ્તોલ મે એફ.એસ.એલમાં મોકલવા માટે આઈ.ઓ.ને સુચન કરેલુ. આ બાબતેનો મે સ્થળ પરીક્ષણ રીપોર્ટ તૈયાર કરેલો અને આઈ.ઓને તે રીપોર્ટ આપેલો. જે રીપોર્ટની ખરી નકલ તેમને બતાવવામા આવે છે જેમા સાયન્ટીફીક ઓફીસર તરીકે તેઓની

સહી તથા હોદાનો સીકકો મારેલ છે. જે તેઓ ઓળખી બતાવી આંક–૩૨ આપવામા આવે છે. આ સીવાય અમોએ બીજી કોઈ કામગીરી કરેલી નથી. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, મારી રૂબરુમાં આરોપીના સ્વતંત્ર કબજા માંથી કોઈ મુદદામાલ મળી આવેલ નથી. એ વાત ખરી છે કે, મને સ્થળ પરીક્ષણ કરવા સારુ કોઈ લેખીતમાં જાણ કરવામા આવેલ નહી. સાહેદ એવુ જણાવે છે કે, ત.ક.અધિકારીશ્રીએ અમોને ટેલીફોન દવારા અને પોલીસ કન્ટ્રોલ રૂમ દવારા ટેલીફોનીક જાણ કરેલી. એ વાત ખરી છે કે, કયા ગુનાના કામે અને કઈ કલમના ગુના અન્વયે અમોએ સ્થળ પરીક્ષણ કરેલ તે મારા રીપોર્ટમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મારી રૂબરુમાં મુદદામાલ રવાનગી કરવામા આવેલ હોય તેવુ બનેલ નથી.

**(૨૧)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૭ થી ત.ક.અ. જીતેન્દ્રકુમાર પ્રેમજીભાઈ ચૌધરીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, તેઓ સને ૨૦૨૩ માં તેઓ હીંમતનગર ખાતે આઈ.યુ.સી.એ.ડબલ્યુ મા પી.આઈ તરીકે ફરજ બજાવતા હતા તે દરમીયાન ખેડબ્રહમા પો.સ્ટે. ના સી.પી.આઈ શ્રી એસ.જે.પંડયાનાઓની બદલી થતા એસ.પી.સા.શ્રીના હુકમ મુજબ સી.પી.આઈ ખેડબ્રહમા નો ચાર્જ અમોને સોંપવામા આવેલો અને અમોએ આ હુકમ આધારે ખેડબ્રહમા સી.પી.આઈ કચેરીનો ચાર્જ તેમજ વહીવટી રેકર્ડ તથા તપાસના કાગળો તથા ગુનાના કેસ કાગળો અમોએ સંભાળેલા આ કાગળોમાં અમોને સદર ગુનાની તપાસના કાગળો પણ મળેલા જેનો અમોએ અભ્યાસ કરેલો. કેસ કાગળો જોતા આ કામે એક આરોપી વિકકી ઉર્ફે બાકારામ સ/ઓ કોસલારામ, રહે.સુરતેકાતલા, મઠતા, તા.ચોહટણ, જી.બાડમેરનો નાશતો ફરતો હોઈ તેને પકડવા માટે તજવીજ કરેલી પરંતુ તેની કોઈ માહીતી મળી આવેલ નહી જેથી પકડી શકાયેલ નહી. આ કામે જે આરોપી પકડાયેલ તે જયુડીશ્યલ કસ્ટડીમાં હતો સદર તપાસના કાગળો ઘ્યાને લેતા પકડાયેલ આરોપી ગીરધારીરામ વિરૂધ્ધ ચાર્જસીટ કરવા જેટલો

પુરાવો જણાઈ આવતા નામદાર કોર્ટમા તેઓએ ચાર્જશીટ કરેલ. તે સીવાય તેઓએ બીજી કોઈ કામગીરી કરેલ નથી. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, આ કામે તેઓએ કોઈ સાહેદોના નિવેદન લીધેલ નથી કે પંચનામાં કરેલ નથી. એ વાત ખરી છે કે, આ કામના આરોપીને તેઓને રૂબરૂ મળવાનુ થયેલ નથી.

**(૨૨)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૮ થી સાહેદ પી.એસ.આઈ. જયદિપકુમાર રઘુનાથ દેસાઇને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, સને–૨૦૨૩ મા તેઓ ખેડબ્રહમા પોલીસ સ્ટેશનાં પી.એસ.આઈ. તરીકે ફરજ ઉપર હાજર હતા અને તે વખતે તેઓના મોબાઈલ પર ફોન આવેલો કે વડાલી તરફથી એક ફોર્ચ્યુનર ગાડી ખેડબ્રહમા તરફ આવવાની છે અને તે ગાડી શંકાસ્પદ છે જેથી નાકાબંધી કરવાનું જણાવતા અમો તથા સ્ટાફના માણસો નાકાબંધીમા ઉભા રહેલા અને સામેથી ફોરચ્યુનર ગાડી અમારી નાકાબંધીને જોઈને ગાડી રોગસાઈડ વાળી લઈ જયોતી હાઈસ્કુલથી દક્ષિણે આવેલ આર.સી.સી રોડ પર ભાગતા અમોએ પણ અમારી સરકારી ગાડી તે તરફ વાળેલ અને પીછો ચાલુ રાખતા આશરે અડધો કી.મી. દુર આરસીસી રોડ પુરો થઈ જતા કાચા રસ્તે આગળ પથ્થરની દીવાલ આવી જતા ગાડી આગળ જઈ શકે તેમ ન હોય સદરહુ ફોરચ્યુનર ગાડીમાથી બે ઈસમો નીચે ઉતરી પથ્થરની દીવાલ પાસે થઈ પશ્ચિમ તરફ ઝાડી ઝાખરાવાળી અવાવરુ જગ્યામા ભાગેલા તે વખત અમારુ સરકારી વાહન આવી ગયેલુ અને સાથે પ્રોહી. ગુનાના જાપ્તામા એ.એસ.આઈ યુનુસભાઈ તથા સરકારી વાહનના ડ્રાઈવરને રાખી અમો તથા અમારી સાથેના અ.પો.કો વીકમસીહ તથા અ.પો.કો ગોપાલભાઈ તથા એ.એસ.આઈ વીષ્ણુભાઈ સાથે આ બંને ઈસમોનો પીછો કરેલો જેમાથી એક ઈસમને અ.પો.કો ગોપાલભાઈ નાઓએ પકડી પાડેલો અને બીજો ઈસમ ઝાડી ઝાખરાનો લાભ લઈ ત્યાથી નાસી ગયેલો પકડાયેલ ઈસમનુ નામ પુછતા તેણે પોતાનુ નામ ગીરધારીરામ જોગારામ ગોદારા રહે.ગોદારોકી ઢાણી, આદર્શ ચુલી, બાડમેર, રાજસ્થાનનો હોવાનુ જણાવેલ અને તેની સાથેના

બીજા ઈસમનુ નામ પુછતા તેનુ નામ તે પ્રદીપ બીશ્નોઈ રહે. ઓશીયા જેના આખા નામની ખબર નથી તેવુ જણાવેલ. અમો તથા સ્ટાફે આ ફોરચ્યુનર ગાડીમાં ભરેલ ચીજવસ્તુઓ બાબતે પુછતા પોશડોડા ભરેલાનુ જણાવેલ જેથી સદરહુ ગાડીમા જો પોશડોડા ભરેલ હોય તો તે એનડીપીએસને લગત મુદામાલ હોય જેથી તે અંગે જડતી, જપ્તી તથા અટકાયત વીગેરે વીશેષ કાર્યવાહી કરવાની અમોને સતા ન હોય આગળની કાર્યવાહી કરવા સારુ રાજયપત્રીત અધીકારીની હાજરીની જરૂરીયાત જણાતી હોય સદરહુ ઈસમ ગીરધારીરામ તેના કબજાની સફેદ કલરની ફોરચ્યુનર ગાડી જે તે સ્થીતીમા અમારી સાથેના પોલીસ સ્ટાફના માણસોની નજરકેદમાં રાખી કલાક ૧૦:૨૦ વાગે રાજયપત્રીક અધીકારીની જરૂરીયાત અંગે યોગ્ય હુકમ થવા પો.અધીક્ષક સાહેબશ્રીને પોલીસ કન્ટ્રોલ રૂમ હિમ્મતનગર ખાતે વર્ધી લખાવેલી અને તેઓને તથા તેઓની સાથેના એ.એસ.આઈ વીષ્ણુભાઈને સ્થાનીક બંદોબસ્ત ના સરકારી કામે રવાના થવાનુ હોવાથી રાજયપત્રીત અધિકારી ન આવે ત્યા સુધી સ્થળ પર હાજર રહેલા ત્યારબાદ પોલીસ અધિ.સા.શ્રીની સુચના મુજબ આગળની કાર્યવાહી સારૂ અમો તથા અમારી સાથે બે સરકારી પંચો તથા એ.એસ.આઈ વીષ્ણુભાઈ તેઓના એચપી કંપનીના પર્સનલ લેપટોપ તથા લેજર જેટ ૧૦૨૦ પ્રિન્ટર સાથે તથા અ.પો.કો વાસુભાઈ તથા સરકારી વાહન ડ્રા.પો.કો નીલેષકુમાર તથા એફએસએલ અધીકારી હિમ્મતનગર શ્રી એસ.એમ.ધનગર સાહેબ તથા તોલાટ તરીકે દીલીપભાઈ પ્રતાપભાઈ વણજારાનાઓ વજનકાંટા સાથે તથા સરકારી વાહનમા સીલ સામગ્રીનો સામાન જેમા પો.સ.ઈ. ખેડબ્રહમા નાઓના માર્કાવાળુ સીલ, દોરો, લાખ, મીણબતી, પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓ સાથે સ્થળ પર પધારતા અમો તથા અમારી સાથેના સ્ટાફના માણસોએ લેપટોપ તથા પ્રિન્ટર ની કાર્યવાહી સારૂં નજીકમાં આવેલ અશોકભાઈ નટુભાઈ પટેલના નવીન બનતા ગોડાઉન માંથી ઈલેક્ટ્રીક વાયર જીતુભાઈ ડાહયાભાઈ ચાવડાનાઓ મારફતે કનેકશન કરાવેલ અને પંચો તથા અમારા સ્ટાફના માણસોનો પરીચય કરાવેલ જેમા ત્યા હાજર પોસઈ પી.જે.દેસાઈ એલસીબી હીમનગનર તથા સ્ટાફના માણસો ની હાજરીમા આરોપીનુ નામઠામ પુછતા આરોપીનુ નામ ગીરધારીરામ

જોગારામ જણાવેલું અમોએ કરેલ રીપોર્ટ આધારે મે. પો.અધી.સા.શ્રીનાઓએ ખેરોજ પો.સ્ટે.ના પી.આઈ શ્રી જે.એ.રાઠવા નાઓની આ કામે રાજ્યપત્રીક અધીકારી તરીકે નીમણુક કરેલી અને તેઓ સ્થળ પર આવી ગયેલા અને ત્યારબાદ અમારે સ્થાનીક બંદોબસ્ત જવાનુ હોય આરોપી તથા મૃદામાલ વાહનનો કબજો પી.આઈ.શ્રી જે.એ.રાઠવાનાઓને સોપી અમો તથા અમારી સાથેના એએસઆઈ વીષ્ણુભાઈ સ્થાનીક બંદોબસ્તમા જવા રવાના થયેલા આ સમયે બનાવ સ્થળે એલસીબી પીએસઆઈ પી.જે.દેસાઈ તેમના સ્ટાફ સાથે સ્થળ પર હાજર હતા મારી હાજરીમાં ફોરચ્યુનર ગાડીની તપાસ કરવામા આવેલી અને આ ગાડીમા પોશડોડાના કોથળા ભરેલ હતા જે આશરે ૪૦૦ કી.ગ્રા. વજનના હતા આ ગાડીમાથી એક નાની પીસ્તોલ દેશી બનાવટની પણ મળી આવેલી. આ સીવાય અમોએ બીજી કોઈ કામગીરી કરેલ નથી. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, કયા પ્રકારની ગાડી લઈને અમો નાકાબંધીમા ઉભા રહેલા તે મે જણાવેલા નથી, સાહેદ એવુ જણાવે છે કે, અમો બેરીકેટીક કરી નાકાબંધીમા ઉભા રહેલા હતા. એ વાત ખરી છે કે, મે મારા નીવેદનમા કયા મોબાઈલ નંબર ઉપરથી ફોન આવેલ તે જણાવેલ નથી, સાહેદ એવુ જણાવે છે કે, એલસીબી પીએસઆઈ ટી.જે.દેસાઈ નાઓએ તેમના પર્સનલ મોબાઈલ અમારા પર્સનલ મોબાઈલ ઉપર જાણ કરેલી. એ વાત ખરી છે કે, કહેવાનો મૃદામાલ આરોપીના સ્વતંત્ર કબજામાથી મળી આવેલ નથી, સાહેદ એવુ જણાવે છે કે, તેના કબજા વાળી ગાડીમાથી મળી આવેલો.

**(૨૩)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક–૪૦ થી સાહેદ નિકીતાબેન કેશવલાલ ચૌધરીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, સને–ર૦ર૩ માં સાયન્ટીફીક ઓફીસર તરીકે ગાંધીનગર બજાવતી હતી તે વખતે ખેડબ્રહમા પો.સ્ટે.ના જા.નં.ર૩૩/ર૩ થી એફ.એસ.એલ.ને તપાસણી માટે તા. ૩૧/૩/ર૩ ના રોજ સર્કલ પો.ઈ.ખેડબ્રમ્હાનાઓ ધ્વારા એક સફેદ કલરની

ફોરચ્યુનર ગાડી નં. જી.જે–૦૧ આર.પી–૯૫૬૯ માંથી મળી આવેલ દેશી હાથ બનાવટની પિસ્તોલ કબજે કરેલી અને જે અગ્નિ શસ્ત્ર હોઈ જેનો એફ.એસ.એલ. રીપોર્ટ મેળવવાનો હોઈ અમારી કચેરીને મોકલી આપવામાં આવેલો અને જે પત્ર તેમજ મુદદામાલ પિસ્તોલ અમારી કચેરીમા અમને મળેલ અને જેનુ સાયન્ટીફીક પૃથ્થકરણ અમોએ કરી તે બાબતનો અભિપ્રાય અમારી કચેરી દ્વારા આપવામાં આવેલ જે ખેડબ્રમ્હા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૯૦૨૮૨૩૦૨૨૦ તા.૨૮/૩/૨૩ ના કામે સર્કલ પો.ઈ.નાઓએ અત્રેના વિભાગમા એક સીલબંધ પાર્સલ ૩૧/૩/૨૩ ના રોજ પત્ર નં. ૨૩૩/૨૨ થી અત્રેની કચેરીમા તા.૩૧/૩/૨૩ ના રોજ વિભાગના કેસ નં. ડી.એફ.એસ./તપણ/૨૦૨૩/બીએલ/૧૪૩ થી સ્વીકારેલ. પાર્સલ ૧. પાર દર્શક પ્લા.ના ડબ્બાનુ નમુના મુજબનુ સીલ ધરાવતુ પાર્સલ.જેમા એક પિસ્તોલ હતી. જેને નમુનો ૧ તરીકે ઓળખાવેલ. નમુનો (૧) ૧૧.૨ સેમી. બેરલ લંબાઈ અને ૦.૯૧ સેમી. મઝલ એન્ડ બેરલ ડાયામીટર ધરાવતી દેશી બનાવટની પિસ્તોલ હતી. જેનુ અમોએ પરીક્ષણ કરેલુ. નમુનો નં.૧ ની પિસ્તોલનુ અત્રેના વિભાગમાં ટેસ્ટ ફાયરીંગ કરતા પહેલા ફુટેલા દારૂગોળાના અવશેષોની હાજરી અંગેનુ પરીક્ષણ કરતા તેની હાજરી જોવા મળેલ. જેમા લેઈડ અને નાઈટ્રાઈટ ની હાજરી જોવા મળેલી. મારા અભિપ્રાય મુજબ આ પિસ્તોલ અમારા વિભાગને મોકલવામા આવેલ તે પહેલા તેમાથી ફાયરીંગ થયેલાનુ જણાઈ આવેલ. સદર પિસ્તોલમાંથી અત્રેના વિભાગના લેબ સ્ટોકનો ૭.૬૨ એમ.એમ કેલીબરનુ એક નંગ કારતુસ લઈ પિસ્તોલમાં ચેમ્બર કરી પ્રયોગ શાળામાં ટેસ્ટ ફાયર કરતા તે સફળતા પુર્વક ફાયર થયેલ. આમ સદર પિસ્તોલ ચાલુ હાલતમા જણાયેલ. જે બાબતનો અભિપ્રાય અમોએ નાયબ નિયામકશ્રી એફ.એસ.એલ.ને મોકલી આપેલ જે અભિપ્રાય નાયબ નિયામકશ્રી નાઓએ સર્કલ પો.ઈ.શ્રી ખેડબ્રમ્હાનાઓને તા.૧૫/૪/૨૪ ના રોજ મોકલી આપેલ જે રવાનગી પત્ર મને બતાવવામા આવે છે જેમા નાયબ નિયામકશ્રી વાય.એસ.પટેલ સાહેબની સહી છે જે હું ઓળખુ છુ જેને રજુ દાખલ આંક–૪૧ આપવામા આવે છે. સાહેદને પરિક્ષણ અભિપ્રાય બતાવામાં આવે છે તે જોઈને જણાવે છે કે સદર પરીક્ષણ તેઓએ કરેલુ અને

તેનો અભિપ્રાય તેઓએ તૈયાર કરેલ અને તેમા વિભાગનો રાઉન્ડ સીલ તથા ઈચા.સાયટીફીક ઓફીસર તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે જે તા.૧૫/૪/૨૪ ના અભિપ્રાયને આંક–૪૨ આપવામા આવે છે. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, એ વાત ખરી છે કે, આ કામે મુદદામાલનુ પાર્સલ અમારી કચેરીને જા.નં.૨૩૩/૨૩ તા.૩૧/૩/૨૩ થી મળેલ છે. એ વાત ખરી છે કે, મે મોકલી આપેલ પરીક્ષણ અહેવાલમા તા.૩૧/૩/૨૩ નો પત્ર નં.૨૩૩/૨૨ નો ઉલ્લેખ કરેલ છે. સાહેદ એવુ જણાવે છે કે, ૨૦૨૩ ની જગ્યાએ ૨૦૨૨ ભુલથી પ્રિન્ટ થયેલ છે. <u>એ વાત ખરી છે કે, જો જાવક નંબર બદલાઈ જાય તો મુદદામાલનો પ્રકાર પણ બદલાઈ શકે.</u> એ વાત ખરી છે કે, મારા પરીક્ષણ અભિપ્રાયમા પિસ્તોલની ઓળખનુ કોઈ ચિન્હ દર્શાવેલ નથી. સાહેદ એવુ જણાવે છે કે, આ હકીકત અમે અમારી વર્કશીટમા બતાવતા હોઈએ છીએ. એ વાત ખરી છે કે, મારા પરીક્ષણ અભિપ્રાય સાથે વર્કશીટ મોકલી આપેલ નથી. એ વાત ખરી છે કે, અમારી પાસે પિસ્તોલ ઉપરના ફિંગર પ્રિન્ટનો કોઈ અભિપ્રાય માંગવામા આવેલ નથી. એ વાત ખરી છે કે, અમારી કચેરીથી નાયબ નિયામકશ્રીના નામે જે પત્ર લખી અભિપ્રાય મોકલી આપવામા આવેલ છે તેમા નાયબ નિયામકના હોદદાનો કોઈ સિકકો મારવામા આવેલ નથી કે નામ જણાવવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, નાયબ નિયામકશ્રીના પત્રમા ગુ.ર.નં.ની પાછળ વર્ષ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, સાયન્ટીફીક ઓફીસરનો હોદદાનો સિકકો અમારી ઓફીસમા જનરલ ઉપયોગ કરવામા આવે છે. એ વાત ખરી છે કે, સાયન્ટીફીક પરીક્ષણના અહેવાલમા મારો પર્સનલ હોદદાનો સિકકો મારવામા આવેલ નથી. સાહેદ એવુ જણાવે છે કે, આવો પર્સનલ હોદદાનો સિકકો રાખવામા આવતો નથી.

સવાલ: તમે મોકલી આપેલ પરીક્ષણ અહેવાલમા અહેવાલ નં. ડીએફએસ/તપણ/૨૦૨૩/બીએલ /૧૪૩ જણાવેલ છે જયારે નાયબ નિયામકનાઓએ પરીક્ષણ અહેવાલ મોકલી આપેલ પત્રમાં નીચે બીડાણમાં અહેવાલ નં. ડીએફએસ/ઈઈ/૨૦૨૩/બીએલ/૧૪૩ જણાવેલ છે?

જવાબ: જો ઈંગ્લીશમા લખીએ તો ડીએફએસ/ઈઈ લખીએ છીએ જયારે ગુજરાતીમાં લખીયે તો ઈઈની જગ્યાએ તપણ લખીએ છીએ.

એ વાત ખરી છે કે, અહેવાલ મોકલી આપવા નાયબ નિયામકશ્રીનો જે પત્ર લખવામા આવેલ છે તે મે લખેલ નથી. એ વાત ખરી છે કે, આ પત્ર મે તૈયાર કરેલ ન હોઈ તપણની જગ્યાએ ઈઈ લખેલ છે તેવુ હું ચોકકસ કહી શકુ નહી.

**<u>:: પુરાવાનુ મુલ્યાંકન ::</u>**

**(૨૪)..** ક્રિમીનલ જસ્ટીસ ડીલેવરી સીસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ તહોમત બીયોન્ડ રીઝનેબલ ડાઉટ યોગ્ય અને નિ:શંક પુરાવો રજુ કરીને પુરવાર કરવાનો હોય છે. ટુંકમાં આરોપી દોષિત છે તેવો પુરતો અને વિશ્વસનીય પુરાવો રજુ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનો હોય છે. આરોપી નિર્દોષ છે તેવું આરોપીએ પુરવાર કરવાનું હોતું નથી. ફોજદારી મુકદમામાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણ કરીને અદાલતે ચાલવાનું હોય છે અને અદાલત ધ્વારા બાંધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય, પુરતો અને વિશ્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. ફરીયાદપક્ષના રજુ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થીતીનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષમુકિત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે. ''પુરાવાનું મુલ્યાંકન'' શબ્દ ભારતીય અધિનિયમમાં કોઈપણ સ્થાને વ્યાખ્યાયીત કરવામાં આવેલ નથી. પુરાવાનું મુલ્યાંકન ફકત અને ફકત ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩ માં દર્શાવેલ Prove અને Not Prove શબ્દો ઉપર અવલંબે છે. કોઈ હકીકતનું અસ્તીત્વ સાબિત માનવું કે બીનઅસ્તીત્વ સાબિત માનવું તે મુલ્યાંકનનો વિષય છે. આ પૂર્વભુમિકા સંદર્ભે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરી ફરીયાદપક્ષ આરોપી સામેના તહોમત કે તે પૈકીનું કોઈપણ તહોમત નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ ? તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

**(૨૫)..** ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત મુજબના પુરાવાનુ મુલ્યાંકન કરતાં પહેલા આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હો ધ્યાને લેવો જરૂરી જણાય છે. સદર કામે આરોપી સામે એવો આક્ષેપ કરવામાં આવેલ છે કે, તા.૨૮/૩/૨૩ ના કલાક ૨૨:૧૫ વાગ્યે અશોકભાઇ નટુભાઇ પટેલ, રહે.ગલોડીયા, તા.ખેડબ્રહમાનાઓના ખેડબ્રહમા ખાતે નવીન બનતાં ગોડાઉન પાસે આરોપીએ પોતાના કબજાની સફેદ કલરની ફોર્ચુનર ગાડી નં.જી.જે.૦૧ આર.પી.૯૫૬૯ માં વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે વેચાણ સારૂ કાળા કલરના પ્લાસ્ટીકના કોથળામાં પોશડોડા ભરી મધ્યપ્રદેશથી ગુજરાત રાજયમાં થઇ વહન કરી લઇ જતાં પોલીસે પીછો કરતાં આરોપી પોશડોડાના મુદ્દામાલ સાથે તેમજ ગાડીમાં દેશી હાથબનાવટની પિસ્તોલ કિં.રૂા. ૫,૦૦૦/- ની સાથે મળી આવી પકડાઇ જઇ તેમજ ચાર્જશીટના કોલમ નં.૨ માં જણાવેલ આરોપીએ નાશી જઇ ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી ધી આમ્સ એકટ, ૧૯૫૯ ની કલમ-૨૫(૧-બી) એ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે.

**(૨૬)..** આરોપી સામે ઉપરોકત મુજબના આક્ષેપાયેલ ગુન્હાને ધ્યાને રાખી આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષે આંક-૧૦ થી પંચ સાહેદ શૈલેષભાઇ બંસીલાલ બસેટાનો પુરાવો રજુ થયેલ છે. સદરહું સાહેદ તેમના પુરાવામાં એવુ જણાવે છે કે, માર્ચ મહીના માં ૨૫ તારીખ પછીના દિવસોમાં સાંજના પાંચેક વાગ્યના અરસામાં ઓફીસે હતા અને તે વખતે તેઓને ખેડબ્રહમા પોલીસ સ્ટેશને જવા માટે કહેવામાં આવતાં તેઓ ઓફીસેથી નીકળી પોલીસ સ્ટેશને પહોચેલ અને તેઓ ત્યાં તથા બીજા પોલીસના માણસો અને એક ઇસમ જેનુ નામ જુજારસિંહ હતુ. તેઓ સાથે પોલીસ સ્ટેશનમાં હાજર હતા. તે વખતે પોલીસે તેઓની તથા બીજા એક પંચનું નામ ઠામ અને સરનામું લઇ તેઓનો મોબાઇલ નંબર મેળવેલો. તેઓને જે વાહનમાં જવાનુ હતુ તે વાહનમાં કોઇ શંકાસ્પદ વસ્તુ નથી તેવુ પોલીસે જણાવેલ અને તે બાબતનુ પ્રાથમિક પંચનામું કરેલ. ત્યારબાદ સરકારી વાહનમાં બેસી જયોતિ સ્કુલમાં પાછળ ગયેલા અને ત્યાં

<u>એક સફેદ કલરની **સ્કોર્પીયો જેવી** મોટી ગાડી **ખુલેલી હાલત**માં હતી.</u> તે ગાડીની અંદર જોતાં કોથળા જેવુ કઇક હતુ અને જેનાથી આખી ગાડી ભરેલી હતી. જે વખતે તેઓની હાજરીમાં કોથળાઓને બહાર કાઢી પોલીસ વજન કરવાની કામગીરી કરતા હતા તે વખતે તેઓ પોલીસની સાઇડમાં એક બાજુ ઉભા હતા. તે વસ્તુ જોતાં ઘાસચારા જેવી દેખાતી હતી. જે બાબતે તેઓને વધુ કોઇ આઇડીયા નથી. <u>આ સિવાય પોલીસે **ગાડીમાંથી બંદુક જેવી** કોઇક વસ્તુ કાઢેલી.</u> અમે ત્યાં પોલીસ સાથે રાત્રે દોઢ બે વાગ્યા સુધી હાજર રહેલા તેમ જણાવી આંક–૧૧ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર સાહેદની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં એવુ જણાવેલ છે કે, પોલીસે તેઓને લખેલા કાગળમાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. જે કાગળો પૈકી અમુક કાગળો કોરા હતા અને અમુક લખેલા હતા. કઇ તારીખે પંચનામામાં ગયેલા તે ચોકકસ તારીખ તેમને હાલમાં યાદ નથી. આમ, સદરહું પંચ સાહેદ ખેડબ્રહમા નગરપાલિકામાં સરકારી કર્મચારી તરીકે નોકરી કરતાં કર્મચારી છે અને તેઓને પંચમાં રહેવા જણાવતાં તેઓ પંચમાં રહેલ છે. સદર સાહેદ સ્કોર્પીયો જેવી ગાડીમાંથી બંદુક જેવી વસ્તુ પોલીસે કાઢેલાનુ જણાવે છે. જયારે ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં, ફોર્ચ્યુનર ગાડીમાંથી ડ્રાઇવર સીટ અને ડ્રાઇવર સીટની બાજુની સીટ જે બન્ને સીટોની વચ્ચે ગીયરના પાછળ એક ઢાંકણવાળી ડેકીમાંથી દેશી હાથબનાવટી પિસ્તોલ મળી આવેલાનુ જણાવે છે. સદરહું પંચ સાહેદ ગીયરની પાછળના એક ઢાંકણવાળી ડેકીમાંથી હથિયાર પિસ્તોલ કાઢેલ હોવાનુ જણાવતાં નથી. સદરહું પંચ સાહેદ બંદુક જેવી વસ્તુ કાઢેલ હોવાનુ જણાવે છે. બંદુક અને પિસ્તોલમાં તફાવત હોય છે. બંદુક લાંબી હોય છે. જયારે પિસ્તોલ નાની હોય છે. વધુમાં, સદરહું પંચ સાહેદ સ્કોર્પીયો ગાડીમાંથી પોલીસે બંદુક કાઢેલાનુ જણાવે છે. જયારે આંક–૨૦ ની ફરીયાદ ધ્યાને લેતાં ફરીયાદમાં ફોર્ચ્યુનર ગાડીમાંથી પિસ્તોલ નીકળેલાનુ જણાવે છે. વધુમાં, સદર પંચ સાહેદની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં પોલીસે લખેલા કાગળોમાં સહી કરવાનુ કહેતા સહી કરેલ હોવાનુ અને અમુક કાગળો કોરા હતા અને અમુક કાગળો લખેલા હતા તેવુ જણાવે છે. આમ, સદરહું પંચ સાહેદની હાજરીમાં પુરે પુરુ

પંચનામું લખવામાં આવેલ હોય તેવુ જણાતુ નથી તેમજ સદરહું સાહેદ તેમના પુરાવામાં ગાડીનો નંબર જણાવતાં નથી તેમજ જે ગાડી જણાવે છે તેના મોડલમાં ફેરફાર હોવાનુ જણાય છે. આમ, સદરહું સાહેદના પુરાવાથી આંક–૧૧ વાળા પંચનામાંની હકીકતને તેમજ આંક–૨૦ વાળી ફરીયાદને સમર્થન મળતુ નથી.

(૨૭).. વધુમાં, ફરીયાદપક્ષે તેમની ફરીયાદના સમર્થનમાં આંક–૧૫ થી બીજા પંચ સાહેદ જુજારસિંહ ગંભીરસિંહ ચાવડાનો પુરાવો રજુ થયેલ છે. સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતાં, તેઓ એવુ જણાવે છે કે, ત્યારબાદ સરકારી વાહનમાં બેસી જયોતિ સ્કુલની પાછળ ગયેલા અને ત્યાં એક સફેદ કલરની ગાડી પડી હતી અને જે **ગાડી સ્કોર્પીયો જેવી** મોટી હતી અને જે ગાડી **ખોલેલી હાલત**માં હતી. તે ગાડીની અંદર જોતાં કોથળા જેવુ કઇક હતુ અને જેનાથી આખી ગાડી ભરેલી હતી. જે તે વખતે તેઓની હાજરીમાં કોથળાઓને બહાર કાઢી પોલીસ વજન કરવાની કામગીરી કરતા હતા. તે વખતે તેઓ પોલીસની સાઇડમાં એકબાજુ ઉભેલા હતા. જે વસ્તુ જોતાં ઘાસચારા જેવી દેખાતી હતી. જે બાબતે તેઓને વધુ કોઇ આઇડીયા નથી. આ સિવાય પોલીસે **ગાડીમાંથી બંદુક** જેવી કોઇક વસ્તુ કાઢેલી તેમ જણાવી આંક–૧૧ વાળા પંચનામામાં પોતાની સહી ઓખળી બતાવેલ છે. આમ, સદરહું પંચ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં, સદર પંચ સાહેદ તેમના પુરાવામાં એવી કોઇ હકીકત જણાવતાં નથી કે, તેમની હાજરીમાં પોલીસે ફોર્ચુનર ગાડીમાંથી આગળની સીટ અને તેની બાજુમાં આવેલ ડ્રાઇવરની જે બન્ને સીટોની વચ્ચે ગીયર પાછળ આવેલ એક ઢાંકણવાળી ડેકીમાંથી દેશી હાથબનાવટની પિસ્તોલ કાઢેલી. આમ, સદરહું પંચ સાહેદના પુરાવાથી પણ આંક–૧૧ના પંચનામાંની હકીકતોને તેમજ આંક–૨૦ ની ફરીયાદ હકીકતને સમર્થન મળતુ નથી.

(૨૮).. વધુમાં, ફરીયાદપક્ષે તેમની ફરીયાદના સમર્થનમાં આંક–૧૭ થી સાહેદ યુનુસભાઇ કાદરભાઇ બેલીમનો પુરાવો રજુ થયેલ છે. સદર

સાહેદનો પુરાવો ધ્યાને લેતાં, સદર સાહેદ બનાવ સમયે એલ.સી.બી. શાખા હિમ્મતનગરમાં એ.એસ.આઇ. તરીકે ફરજ બજાવતાં હતા અને બનાવના દિવસે તેઓ તથા એલ.સી.બી. પી.એસ.આઇ. ટી.જે.દેસાઇ તથા સ્ટાફના અન્ય માણસો પ્રોહી. ગુન્હાના કામે તપાસમાં સરકારી ગાડી લઇને હિમ્મતનગરથી રાજસ્થાન તપાસ અર્થે જવા નીકળેલા ત્યારે ઇડરથી ભીલોડા રોડ ઉપર જતા હતા ત્યારે મોહનપુર રેલ્વે ફાટક નજીક જતાં એક ફોર્ચુનર ગાડી શંકાસ્પદ જણાતાં તેમને તથા તેમની સાથેના પી.એસ.આઇ. તથા સ્ટાફના માણસોએ આ ગાડીને રોકવા પ્રયત્નો કરેલો ત્યારે સદર ફોર્ચુનર ગાડીવાળો તેમની ગાડી ઇડરથી વડાલી તરફ ભાગેલો. જેથી તેઓએ સદર ગાડીવાળાને પીછો કરી પકડેલ. સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતાં, સદર સાહેદ તેમના પુરાવામાં ફોર્ચુનર ગાડીનો નંબર જણાવતાં નથી. વધુમાં, સદર સાહેદની હાજરીમાં મુદ્દામાલ પિસ્તોલ ગાડીમાંથી મળી આવેલાનુ જણાવતાં નથી. તેઓ એન.ડી.પી.એસ.ની કલમ-૪૨(૧) મુજબનો રીપોર્ટ લઇ હિમ્મતનગર એસ.પી.કચેરી આપવા ગયેલા અને ત્યાંથી તેઓ એલ.સી.બી. ઓફીસ હિમ્મતનગર ગયેલાનુ જણાવે છે. તેમને પાછળથી જાણવા મળેલ કે, ગાડીના ગીયર બોકસના પાછળના ભાગેના ખાનામાંથી એક હાથ બનાવટની દેશી પિસ્તોલ મળી આવેલ. આમ, સદરહું સાહેદ તેમના પુરાવામાં ફોર્ચુનર ગાડીનો નંબર જણાવતાં નથી તેમાં સદરહું સાહેદની હાજરીમાં ફરીયાદમાં જણાવ્યા મુજબની મુદ્દામાલ પિસ્તોલ કબજે કરવામાં આવેલ નથી.

(૨૯).. વધુમાં ફરીયાદપક્ષે તેમની ફરીયાદના સમર્થનમાં આંક-૧૮ થી સાહેદ ગોપાલભાઇ પ્રવિણભાઇનો પુરાવો રજુ થયેલ છે. સદરહું સાહેદનો પુરાવો ધ્યાને લેતાં, સદર સાહેદ બનાવ સમયે એલ.સી.બી. શાખા હિમ્મતનગરમાં અ.પો.કો. તરીકે ફરજ બજાવતાં હતા અને બનાવના દિવસે તેઓ તથા એલ.સી.બી. પી.એસ.આઇ. ટી.જે.દેસાઇ તથા સ્ટાફના અન્ય માણસો પ્રોહી. ગુન્હાના કામે તપાસમાં સરકારી ગાડી લઇને હિમ્મતનગરથી રાજસ્થાન તપાસ અર્થે જવા નીકળેલા ત્યારે ઇડરથી ભીલોડા રોડ ઉપર જતા હતા ત્યારે મોહનપુર રેલ્વે ફાટક નજીક જતાં એક ફોર્ચુનર ગાડી શંકાસ્પદ

જણાતાં તેમને તથા તેમની સાથેના પી.એસ.આઈ. તથા સ્ટાફના માણસોએ આ ગાડીને રોકવા પ્રયત્નો કરેલો ત્યારે સદર ફોર્ચુનર ગાડીવાળો તેમની ગાડી ઈડરથી વડાલી તરફ ભાગેલો. જેથી તેઓએ આ ગાડીનો પીછો કરી પકડેલ અને આ ગાડીનો નંબર જી.જે.૦૧ આર.પી.૯૬૬૯ નો હતો. જયારે આંક–૨૦ ફરીયાદ જોતાં ફરીયાદમાં ફોર્ચુનર ગાડીનો નં.જી.જે.૦૧ આર.પી.૯૫૬૯ નો જણાવેલ છે. વધુમાં, સદર સાહેદ તેમના પુરાવામાં એવુ જણાવે છે કે, સદર ગાડીની વધુ તપાસ કરતાં ડ્રાઈવર સીટની બાજુમાં ગીયર બોકસમાંથી દેશી બનાવટની એક પિસ્તોલ મળી આવેલ. જયારે ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં, તેમાં એવુ જણાવેલ છે કે, આગળની ડ્રાઈવર સીટ તથા ડ્રાઈવર સીટની બાજુમાં આવેલ સીટ જે બન્ને સીટોની વચ્ચે પાછળ એક ઢાંકણવાળી ડેકી આવેલ હોય જે ડેકી ખોલીને જોતાં તેમાંથી દેશી હાથબનાવટની એક પિસ્તોલ મળી આવેલ. આમ, સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતાં, ગાડીનો નંબર ફરીયાદમાં જણાવ્યા મુજબનો જણાવતાં નથી તેમજ મુદ્દામાલ પિસ્તોલ ગીયર બોકસમાંથી મળી આવેલા જણાવે છે. જયારે ફરીયાદ જોતાં મુદ્દામાલ પિસ્તોલ ગીયર બોકસની પાછળ એક ઢાંકણવાળી ડેકી આવેલ જે ડેકી ખોલીને જોતાં તેમાંથી મળી આવેલાનુ જણાવેલ છે. આમ, સદરહું સાહેદના પુરાવામાં અને ફરીયાદ હકીકતમાં વિરોધાભાસ જણાઈ આવે છે.

(૩૦).. વધુમાં, ફરીયાદપક્ષે તેમની ફરીયાદના સમર્થનમાં આંક–૧૯ થી સાહેદ તેજસકુમાર જયરામભાઈ દેસાઈનો પુરાવો રજુ થયેલ છે. સદરહું સાહેદનો પુરાવો ધ્યાને લેતાં, બનાવ સમયે સદરહું સાહેદ એલ.સી.બી. શાખા હિમ્મતનગરમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતાં હતા. **સદરહું સાહેદ આ કામના ફરીયાદી છે.** બનાવના દિવસે સદરહું સાહેદ તથા એલ.સી.બી. સ્ટાફના અન્ય માણસો સાથે પ્રોહી. ગુન્હાના કામે તપાસમાં હિમ્મતનગરથી સરકારી ગાડી લઈને રાજસ્થાન તપાસ અર્થે નીકળેલા ત્યારે ઈડરથી ભીલોડા રોડ ઉપર જતા હતા ત્યારે મોહનપુર રેલ્વે ફાટક નજીક જતાં એક ફોર્ચુનર ગાડી શંકાસ્પદ જણાતાં તેઓએ તથા તેમની સાથેના સ્ટાફના માણસોએ આ ગાડીને રોકવા પ્રયત્નો કરેલો ત્યારે સદર ફોર્ચુનર ગાડીવાળો તેની ગાડી

ઈડરથી વડાલી તરફ ભાગેલો. જેથી તેઓએ આ ગાડીનો પીછો કરી પકડેલ હોવાનું જણાવે છે. વધુમાં સદર સાહેદ તેમના પુરાવામાં એવું જણાવે છે કે, ત્યાર બાદ આરોપીને સાથે રાખી ફોર્ચુનર ગાડી નંબર જી.જે.૦૧ આર.ડી.૯૫૬૫ ની અંદરના ભાગે જોતાં પાછળની સીટો કાઢી નાખેલ હતી. અને આ ગાડીની અંદર એક બોક્ષની અંદર બીજી બે નંબર પ્લેટ મળી આવેલી. જેના ઉપર નં.જી.જે.૨૭.સી.૬૭૮૪ લખેલ હતો. ત્યાર બાદ આ ગાડીની આગળની બે સીટો ચેક કરતાં તેની પાછળ ગીયર બોક્ષની પાછળના ખાનામાં એક દેશી બનાવટની પીસ્તોલ મળી આવેલ. જયારે ફરીયાદી તેમની ફરીયાદમાં એવું જણાવેલ છે કે, ફોર્ચુનર ગાડીની ઝડતી તપાસ કરવાની હોય આપ સાહેબે પંચો તથા ગીરધારીરામને સાથે રાખી ફોર્ચુનર ગાડી પશ્ચીમના મોઢાની ઉભેલ હોય જેની આગળ પાછળ નંબર પ્લેટ ઉપર લખેલ નંબર જોતાં જી.જે.૦૧.આર.પી.૯૫૬૫ નો લખેલ હોય સદરી ગાડીના પાછળનો દરવાજો તથા ડ્રાઈવીંગ સીટના પાછળના બંને સાઈડના દરવાજા ખોલી જોતાં અંદર કાળા કલરના પ્લાસ્ટીકના કોથળાઓ આડા ગોઠવેલા હતા. જેમાં કંઈક ભરેલ જણાતા જે કોથળા નીચે ઉતારી ગણી જોતાં કુલ–૨૦ કોથળાં હોય જે કોથળા ખોલી જોતાં અંદર સુકા પીળાશ પડતા વનસ્પતીજન્ય માદક પદાર્થ ભરેલ હોવાનું જણાયેલ. જેથી હાજર એફ.એસ.એલ. અધિકારી એસ.એમ. ધનગરનાઓએ કોથળામાં રહેલ વનસ્પતીજન્ય પદાર્થને ઉપર નીચે કરી વચ્ચેના ભાગેથી થોડો જથ્થો રહી તેઓની પાસે રહેલ નાર્કોટીક ટેસ્ટ કીટ વડે પરીક્ષણ કરતા સદરી માદક પદાર્થ પોશડોડા હોવાનું પંચો રૂબરૂ જણાવેલ. વધુમાં ફરીયાદમાં એવું જણાવેલ છે કે, આગળની ડ્રાઈવર સીટ તથા ડ્રાઈવરની સીટની બાજુમાં આવેલ સીટ જે બંને સીટોની વચ્ચે ગીયરની પાછળ એક ઢાંકણ વાળી ડેકી આવેલ હોય જે ડેકી ખોલી જોતાં તેમાંથી એક પીસ્તોલ મળી આવેલ. આમ, ફરીયાદીએ તેમની ફરીયાદમાં ગીયરની પાછળ આવેલ ઢાંકણવાળી ડેકીમાંથી પીસ્તોલ મળી આવેલાનું જણાવેલ છે, જયારે ફરીયાદી તેમની જુબાનીમાં ગાડીની આગળની બે સીટો ચેક કરતા તેની પાછળ ગીયર બોક્ષની પાછળના ખાનામાંથી એક દેશી બનાવટની પીસ્તોલ મળી આવેલ હોવાનું જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતાં

ફરીયાદના પેજ નં.૫ ઉપર ફોર્ચુનર ગાડીનો નં.જી.જે.૦૧.આર.પી.૯૫૬૯ જણાવેલ છે, જયારે ફરીયાદના પેજ નં.૩ ઉપર ફોર્ચુનર ગાડીનો નં.જી.જે.૦૧.આર.પી.૯૫૬૫ જણાવેલ છે. આમ, સદરહુ ફરીયાદીનાઓ એ ફરીયાદમાં ફોર્ચુનર ગાડીના બે અલગ અલગ નંબર જણાવેલ છે તેમજ મુદ્દામાલ પીસ્તોલ જે જગ્યાએ મળી આવેલ તે જગ્યામાં ફરીયાદ અને ફરીયાદીની જુબાનીમાં વિરોધાભાસ જણાઈ આવે છે. ફરીયાદી વધુમાં તેમના પુરાવામાં એવું જણાવે છે કે, એફએસએલ અધિકારી મારફતે પંચોની રૂબરૂ ફોર્ચુનર ગાડી ખોલાવી જોતાં તેમાં અંદર કોથળા ભરેલ હતા. જે બહાર કઢાવી જોતાં કુલ ૨૦ કોથળામાં વનસ્પતીજન્ય પદાર્થ હતો. એફ.એસ.એલ. અધિકારીએ આ વનસ્પતી પદાર્થ ચેક કરતા પોશડોડા જણાઈ આવેલ. જેથી તોલાટ દીલીપભાઈ વણજારા મારફતે તેનુ વજન કરાવવા કાર્યવાહી કરેલ અને પી.આઈ.શ્રી રાઠવા નાઓએ પકડાયેલ ગીરાધારીરામ જોગારામે પોતાની ગેઝેટેડ ઓફિસર તરીકેની ઓળખ પણ આપેલ અને એન.ડી.પી.એસ. એકટ અંતર્ગત જરૂરી ઠરાવોની સમજ આપી ઠરાવો કરેલા અને સદર એન.ડી.પી.એસ.ની કાર્યવાહી સૂર્યાસ્ત પછી પણ ચાલુ રહે તેમ હોઈ પી.આઈ.શ્રીએ એન.ડી.પી.એસ. કલમ– ૪૨(૧) મુજબનો રીપોર્ટ તૈયાર કરી પોલીસ અધિક્ષકશ્રી હીંમતનગરને આપવા સારુ હાજર પોલીસ સ્ટાફને સૂચના કરતા જે રીપોર્ટ લઈ હીંમતનગર જવા રવાના થયેલા અને રીપોર્ટ એસ.પી.સાહેબને પહોંચાડેલ આ પોશડોડાનુ પંચો રૂબરૂ વજન કરતા તેનુ વજન ૪૦૧.૫૫૦ કિ.ગ્રા. થયેલ. <u>ત્યારબાદ પકડાયેલ ઈસમની અંગઝડતી કરતા તેની પાસેથી આધાર કાર્ડ, પાનકાર્ડ તેમજ મોબાઈલ મળી આવેલ.</u> ત્યારબાદ <u>આરોપીને સાથે રાખી **ફોરચ્યુનર ગાડી નં જી.જે.૦૧ આર.ડી ૯૫૬૫** ની અંદરના ભાગે જોતા પાછળની સીટો કાઢી નાખેલ હતી</u> અને આ ગાડીની અંદર એક બોકસની અંદર બીજી બે નંબર પ્લેટ મળી આવેલી. જેના ઉપર નંબર જીજે–૨૭ સી–૬૭૮૪ લખેલ હતો. <u>ત્યારબાદ આ ગાડીની આગળની બે સીટો ચેક કરતા તેની પાછળ ગીયર બોકસની પાછળ ના ખાનામાં એક દેશી બનાવટની પીસ્તોલ મળી આવેલ</u>. આમ, સદરહુ ફરીયાદી તેમના પુરાવામાં ફોર્ચુનર ગાડીનો નંબર જી.જે.૦૧.આર.ડી.૯૫૬૫ નો

હોવાનું જણાવે છે, જયારે આંક–૨૦ વાળી ફરીયાદ જોતાં ફરીયાદના છેલ્લા પેજ નંબર ઉપર ફોર્ચ્યુનર ગાડીનો નં.જી.જે.૦૧ આર.પી.૬૫૬૯ નો જણાવેલ છે. વધુમાં, સદર ફરીયાદી તેમના પુરાવામાં એફ.એસ.એલ. અધિકારી મારફતે પંચોની રૂબરૂ ફોર્ચ્યુનર ગાડી ખોલાવી તેમાં તપાસ કરેલ હોવાનું જણાવે છે. જયારે આ કામે પંચોનો પુરાવો ધ્યાને લેતાં તેઓ એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં ગાડી ખોલીને ચેક કરેલ હોય તેવું જણાવતા નથી. વધુમાં સદરહું ફરીયાદી તેમના પુરાવામાં એવું જણાવે છે કે, ત્યાર બાદ આ આરોપીને સાથે રાખી  ફોર્ચ્યુનર ગાડી નં.જી.જે.૦૧.આર.ડી.૯૫૬૫ ની અંદરના ભાગે જોતાં પાછળની સીટો કાઢી નાખેલ હતી અને આ ગાડીની અંદર એક બોક્ષની અંદર બીજી બે નંબર પ્લેટ મળી આવેલ. જેના નંબર જી.જે.૨૭.સી.૬૭૮૪ લખેલ હતા. ત્યાર બાદ ગાડીની આગળની બે સીટો ચેક કરતાં તેની પાછળ ગીયર બોકસની પાછળના ખાનામાં એક દેશી બનાવટની પિસ્તોલ મળી આવેલ. આમ ફરીયાદીનાઓ એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં ગાડી ખોલાવી પંચો રૂબરૂ તપાસ કરતા મુદ્દામાલ પોશડોડા તથા પીસ્તોલ મળી આવેલાનું જણાવે છે. આ હકીકતોને ધ્યાને રાખી ફરીયાદપક્ષે રજુ થયેલ એફ.એસ.એલ. અધિકારી સુનિલભાઇ મોહનભાઈ ધનગરનો આંક–૩૫ નો પુરાવો ધ્યાને લેતાં સદર સાહેદ તેમના પુરાવામાં એવું જણાવે છે કે, સને–૨૦૨૨ માં તેઓ હિમતનગર મુકામે સાયન્ટીફીક ઓફીસર તરીકે મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વાનમાં ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૨૮/૩/૨૩ રોજ ખેરોજ પો.સ્ટે માંથી ફોન આવેલો અને જણાવેલ કે, શંકાસ્પદ માદક પદાર્થ મળેલ છે તેની તપાસ કરવાની હોય તમે સ્થળ ઉપર આવો. તેમને ટેલીફોનમાં ખેડબ્રહમા જયોતી હાઈસ્કુલની બાજુમાં હાજર રહેવા જણાવેલ જેથી તેઓ તેઓની સરકારી ગાડી લઈને ખેડબ્રહમાં જયોતી હાઈસ્કુલની બાજુમાં ગયેલા ત્યા આઈ.ઓ પો.ઈન્સ જે.એ.રાઠવાનાઓ સ્થળ ઉપર હાજર હતા અને તેઓએ અમોને એક ફોર્ચ્યુનર ગાડી બતાવેલી જે ગાડીનો નંબર જી.જે.૦૧.આર.પી.૯૫૬૯ નો હતો. જે સફેદ કલરની હતી. આમ સદરહુ આંક–૩૫ ના સાહેદ તેમના પુરાવામાં ફોર્ચ્યુનર ગાડીનો નં.જી.જે.૦૧.આર.પી.૯૫૬૯ નો હોવાનું જણાવે છે, જયારે

ફરીયાદી તેમના કોર્ટ રૂબરૂના પુરાવામાં ફોર્ચુનર ગાડીનો નં.જી.જે.૦૧.આર.ડી.૯૫૬૫ નો જણાવે છે. વધુમાં સદર આંક–૩૫ ના સાહેદ એફ.એસ.એલ.ના અધિકારી તેમના પુરાવામાં એવું જણાવે છે કે, આ ફોર્ચુનર ગાડીના આગળના ભાગે ચેક કરતા ડેશબોર્ડ માંથી એક દેશી બનાવટની પીસ્તોલ મળી આવેલ. જયારે ફરીયાદી તેમના પુરાવામાં ગાડીની આગળની બે સીટો ચેક કરતા તેની પાછળ  ગીયર બોક્ષની પાછળના ખાનામાંથી એક દેશી બનાવટની પીસ્તોલ મળી આવેલાનું જણાવે છે. આમ, ફરીયાદીનો પુરાવો અને આંક–૩૫ ના એફ.એસ.એલ. ના અધિકારીનો પુરાવો ધ્યાને લેતાં પીસ્તોલ કઇ જગ્યાએથી મળી આવેલ તે બાબતે વિરોધાભાસ જણાઇ આવે છે. તેમજ ફોર્ચુનર ગાડીના નંબરમાં પણ ફેરફાર જણાઇ આવે છે. વધુમાં આંક–૩૫ ના એફ.એસ.એલ.ના અધિકારી સુનીલભાઇ ધનગરના પુરાવામાં આંક–૩૬ થી સ્થળ પરીક્ષણ અહેવાલ રજુ થયેલ છે. સદર સ્થળ પરીક્ષણ અહેવાલ ધ્યાને લેતાં તેમાં એવું જણાવેલ છે કે, ''**ખેરોજ પો. સ્ટેશનના પો.ઇ. શ્રી જે.એ. રાઠવાનાઓએ જયોતિ હાઇસ્કુલની દક્ષીણે અશોકભાઇ નટુભાઇ પટેલના ગોડાઉનની પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં સફેદ રંગની ફોર્ચુનર ગાડી બતાવેલ. જેનો આર.ટી.ઓ. રજી. નં.જી.જે.૦.આર.પી.૯૫૬૯ હતો. સદર ગાડીનો પાછળનો દરવાજો ખોલી ત.ક.અધિકારીશ્રીએ કાળા રંગના પ્લાસ્ટીકના કોથળા ભરેલ હાલતમાં બતાવતાં જે પૈકી એક કોથળો ખોલી જોતાં તેમાં પીળાશ પડતા રંગનો વિશિષ્ટ વાસ વાળો ટુકડા (નાના–મોટા) તથા ભુકા સ્વરૂપનો વનસ્પતીજન્ય પદાર્થ હતો. જેનું મોબાઇલ ઇન્વે. વાન સા.કાં. ખાતે ઉપલબ્ધ નાર્કો ટેસ્ટીંગ કીટ વડે પ્રાથમિક રાસાયણીક કસોટી કરતા ઓપીનીચમની આલ્કલોઇડની કસોટી સકારાત્મક જણાવેલ. જે ઓપીનીચમના ઘટકો હોવાનું સુચવે છે. ત્યાર બાદ સદર ગાડીમાંથી કોથળા ઉતારી વારાફરતી ઉપલબ્ધ પ્રથમ કોથળા તથા અન્ય કોથળા મળી એકજેવા પદાર્થના વીસ કોથળા હતા જેમનું કુલ વજન ૪૦૪.૦૫૦ કે.જી. હતુ. તથા** ગાડીના આગળના ભાગે  **STARMODL** ૬ **I** તથા **MADE IN MUNSR** લખાણ ધરાવતી દેશી બનાવટની પીસ્તોલ હતી. જેમાં કારતુસ ન

**હતા. આ ગાડીમાં અન્ય કોઈ નોંધવા લાયક ચિન્હો ન હતા.**'' આમ આંક–૩૬ નો એફ.એસ.એલ. અધિકારીનો સ્થળ પરીક્ષણ અહેવાલ ધ્યાને લેતાં તેમાં પણ ફોર્ચુનર ગાડીનો નં.જી.જે.૦.આર.પી.૬૫૬૯ જણાવેલ છે. જયારે ફરીયાદી તેમના પુરાવામાં ફોર્ચુનર ગાડીનો નં.જી.જે.૦૧.આર.પી.૯૫૬૫ નો જણાવે છે. વધુમાં આંક–૩૬ ના એફ.એસ.એલ. અધિકારીના સ્થળ પરીક્ષણ અહેવાલમાં એવું જણાવે છે કે, ગાડીના આગળના ભાગે દેશી બનાવટની પીસ્તોલ હતી. જેમાં કારતુસ ન હતા. આમ, આંક–૩૬ નો એફ.એસ.એલ. અધિકારીનો સ્થળ પરીક્ષણ અહેવાલ ધ્યાને લેતાં ગાડીના આગળના ભાગેથી પીસ્તોલ મળી આવેલાનું જણાવેલ છે. આંક–૩૬ ના સ્થળ પરીક્ષણ અહેવાલમાં એવી કોઇ હકીકત જણાવેલ નથી કે, ગાડીની ડ્રાઇવર સીટ તથા ડ્રાઇવરની સીટની બાજુમાં આવેલ સીટ જે બન્ને સીટોની વચ્ચે પાછળ એક ઢાંકણવાળી ડેકી આવેલ હોય જે ડેકી ખોલીને જોતાં તેમાંથી દેશી હાથબનાવટની એક પિસ્તોલ મળી આવેલ. આમ, ફરીયાદીની ફરીયાદ, ફરીયાદીનો કોર્ટ રૂબરૂનો પુરાવો અને સ્થળ પરીક્ષણ અહેવાલ કરનાર એફ.એસ.એલ. અધિકારીનો પુરાવો તથા સ્થળ પરીક્ષણ અહેવાલનું એકબીજા સાથે મુલ્યાંકન કરતા ગાડીના નંબર બાબતે તેમજ ગાડીમાંથી કઇ જગ્યાએ પીસ્તોલ મળી આવેલ તે બાબતે મહત્વના વિરોધાભાસ જણાઇ આવે છે.

**(૩૧)..** વધુમાં, ફરીયાદપક્ષે તેમની ફરીયાદના સમર્થનમાં આંક–૨૧ થી સાહેદ વિષ્ણુભાઇ અમરાજી પટેલનો પુરાવો રજુ થયેલ છે. સદરહું સાહેદનો પુરાવો ધ્યાને લેતાં, સદરહું સાહેદ બનાવ સમયે ખેડબ્રહમા પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઇ. તરીકે ફરજ બજાવતાં હતા અને પી.એસ.આઇ. જે.આર.દેસાઇની સાથે નાકાબંધીમાં ઉભા રહેલાનુ જણાવે છે. સદરહું સાહેદ તેમની હાજરીમાં ફોર્ચુનર ગાડીમાંથી મુદ્દામાલ પિસ્તોલ કબજે કરવામાં આવેલ હોવાની કોઇ હકીકત જણાવતાં નથી. વધુમાં, સદર સાહેદ તેમના પુરાવામાં ગાડીનો નંબર પણ જણાવતાં નથી.

(૩૨).. વધુમાં, ફરીયાદપક્ષે તેમની ફરીયાદના સમર્થનમાં આંક–૨૨ થી સાહેદ વાસુભાઇ ઇન્દુભાઇ સોલંકીનો પુરાવો રજુ થયેલ છે. સદરહું સાહેદનો પુરાવો ધ્યાને લેતાં, સદરહુ સાહદ બનાવ સમયે ખેડબ્રહમા પો. સ્ટેશનમાં અ.પો.કો. તરીકે ફરજ બજાવતા હતા. સદર સાહેદ તેમના પુરાવામાં એવું જણાવે છે કે, એલ.સી.બી. પોલીસને મદદ કરવા સારૂ અમો તથા અમારી ગાડીના ડ્રાઇવર નીલેશભાઇનાઓ બનાવ સ્થળે રોકાયેલ અને અમારા પી.એસ.આઇ. સાહેબને તથા એ.એસ.આઇ. વિષ્ણુભાઇને બંદોબસ્તમાં જવાનું હોય તેઓ જતા રહેલ. જયારે સાહેદ નીલેશભાઇનો આંક–૨૩ નો પુરાવો ધ્યાને લેતાં તેમાં તેઓ એવું જણાવે છે કે, અમારા પી.એસ.આઇ. સાહેબને તથા એ.એસ.આઇ. વિષ્ણુભાઇને બંદોબસ્તમાં જવાનું હોય અમો ગાડી લઇને ખેડબ્રહમા પો. સ્ટે.માં પરત આવી ગયેલા. ત્યાર બાદ મને તથા પો.કો. વાસુભાઇને એલ.સી.બી. પોલીસની મદદ માટે બનાવ સ્થળે મોકલેલા. આમ, આંક–૨૨ તથા આંક–૨૩ ના પુરાવામાં વિરોધાભાસ જણાઇ આવે છે. વધુમાં આંક–૨૨ ના સાહેદ વાસુભાઇનાઓ તેમના કોર્ટ રૂબરૂના પુરાવામાં એવું જણાવે છે કે, આ ફોર્ચુનર ગાડીની અંદર તપાસ કરતા ડ્રાઇવર સીટની બાજુમાં ગીયર બોક્ષની પાછળ એક ખાનુ બનાવેલ હતુ અને તેમાં તપાસ કરતા એક દેશી બનાવટની પીસ્તોલ મળી આવેલ. ત્યાર બાદ પંચોના માણસો બોલાવી પી.આઇ. જે.એ. રાઠવા સાહેબ રૂબરૂ સરકારી પંચોને હાજર રાખી પંચનામા કરવામાં આવેલ. આમ, સદરહુ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં પંચોના માણસો બોલાવ્યા તે પહેલા ગાડીની તપાસ કરતા એક દેશી બનાવટની પીસ્તોલ મળી આવેલાનું જણાવે છે. જયારે ફરીયાદ ધ્યાને લેતાં એફ.એસ.એલ. અધિકારી તથા પંચોની હાજરીમાં ગાડીની તપાસ કરતાં ગાડીમાંથી પીસ્તોલ મળી આવેલાનું જણાવે છે. આમ, સદર સાહેદના પુરાવાથી ફરીયાદની હકીકતને સમર્થન મળતું નથી.

(૩૩).. વધુમાં, ફરીયાદપક્ષે તેમની ફરીયાદના સમર્થનમાં આંક–૨૫ થી સાહેદ વિક્રમસિંહ મંગળસિંહનો પુરાવો રજુ થયેલ છે. સદરહું સાહેદનો પુરાવો ધ્યાને લેતાં, સદર સાહેદ બનાવ સમયે એલ.સી.બી. શાખા

હિંમતનગરમાં અ.પો.કો. તરીકે ફરજ બજાવતા હતા. સદરહુ સાહેદ તેમના પુરાવામાં એવું જણાવે છે કે, ફોર્ચુનર ગાડીમાં વધુ તપાસ કરતા ડ્રાઈવરની સીટની બાજુમાં ગીયર બોક્ષમાંથી દેશી બનાવટની એક પીસ્તોલ મળી આવેલ. જયારે ફરીયાદીની ફરીયાદ જોતાં તેમાં એવું જણાવે છે કે, ગાડીની ડ્રાઈવર સીટ તથા ડ્રાઈવરની સીટની બાજુમાં આવેલ સીટ જે બન્ને સીટોની વચ્ચે પાછળ એક ઢાંકણવાળી ડેકી આવેલ હોય જે ડેકી ખોલીને જોતાં તેમાંથી દેશી હાથબનાવટની એક પિસ્તોલ મળી આવેલ. વધુમાં આંક–૩૫ એફ.એસ.એલ. અધિકારીનો પુરાવો તથા સદર અધિકારીએ કરેલ સ્થળ પરીક્ષણ અહેવાલ ધ્યાને લેતાં તેમાં એવું જણાવેલ છે કે, ફોર્ચુનર ગાડીના આગળના ભાગે ચેક કરતા ડેસ્ક બોર્ડમાંથી એક દેશી બનાવટની પીસ્તોલ મળી આવેલ. આમ, સદરહુ સાહેદના પુરાવામાં અને ફરીયાદ હકીકતમાં વિરોધાભાસ જણાઈ આવે છે તેમજ સદરહુ સાહેદના પુરાવાને એફ.એસ.એલ. અધિકારીના સ્થળ પરીક્ષણ અહેવાલથી સમર્થન મળતું નથી.

**(૩૪)..** વધુમાં, ફરીયાદપક્ષે આંક–૨૬ થી સાહેદ વિપુલસિંહ માધુસિંહનો પુરાવો રજુ થયેલ છે. સદરહું સાહેદ તેમના પુરાવમાં એવું જણાવે છે કે, આ ફોર્ચુનર ગાડીવાળો ખેડબ્રમ્હા પો.સ્ટે આગળ આવતા તેની ગાડી પાછી વાળેલી. જેથી અમે અમારી ગાડી રોંગ સાઈડમાં લીધેલી અને તેનો પીછો કરેલો આ ગાડી વાળો તેની ગાડી લઈને ખેડબ્રમ્હાની સ્કુલ તરફ ભાગેલો અને ત્યા આરસીસી રોડ તરફ ગયેલો. આગળ દીવાલ જેવુ હોઈ રસ્તો પુરો થતા આ ગાડી વાળો તેની ગાડી ત્યા ઉભી રાખી ભાગેલો. અમે અમારી ગાડી લઈને ત્યા પહોંચેલા અમારી સાથેના પી.એસ.આઈ. દેસાઈ સાહેબ તથા પો.સ્ટાફના વિક્રમસિંહ અને ગોપાલભાઈનાઓ આ ભાગેલા માણસોને પકડવા તેની પાછળ દોડેલા અને એક ઈસમને પકડેલો અને એક ઈસમ ભાગી ગયેલો. આ ભાગેલા ઈસમને પકડીને ગાડી જોડે લાવેલા અને તેનુ નામ ઠામ પુછેલુ જે નામ મને હાલ યાદ નથી પરંતુ તે રાજસ્થાન રાજ્યનો હતો. ગાડી ચેક કરતા તેમા ૨૦ કોથળા પોશ ડોડાના ભરેલા મળી આવેલા. આ પકડાયેલ ઈસમનુ આધાર કાર્ડ પણ મળી આવેલું. જેથી અમારી સાથેના

ખેરોજ પો.સ્ટે.ના પી.આઈ. સાહેબને આ બાબતની જાણ કરેલી અને ખેરોજના પી.આઈ. સાહેબ સ્ટાફના માણસો સાથે સ્થળ ઉપર આવેલા અને ત્યારબાદ પોશડોડાનુ પંચનામુ કરવામાં આવેલુ. આ ફોરચ્યુનર ગાડીની તપાસ કરતા ડ્રાઈવર સાઈડની સીટની બાજુમા આવેલ બોકસમાથી એક દેશી બનાવટની પીસ્તોલ મળી આવેલી. આ પીસ્તોલનું પણ પંચનામું કરવામાં આવેલું અને ફોરચ્યુનર ગાડી તથા પકડાયેલ ઈસમને ખેડબ્રહમા પો.સ્ટે. લઈ ગયેલા. આમ, સદરહું સાહેદ કે જેઓ બનાવ સમયે એલ.સી.બી. પી.એસ.આઇ. એટલે કે આ કામના ફરીયાદીની ગાડી ચલાવતા હતા. તેઓ તેમના પુરાવામાં એવી કોઇ હકીકત જણાવતા નથી કે બે પંચોના માણસો તથા એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં પકડાયેલ ગાડીની અંદર તપાસ કરવામાં આવેલ તેમજ બનાવ સ્થળે જરૂરી ઇલેકટ્રીક કરંટનો ઉપયોગ સારૂ નજીકમાંથી આવેલ અશોકભાઇ નટુભાઇ પટેલના નવીન બનતા ગોડાઉનમાંથી ઈલેકટ્રીક વાયર જીતુભાઈ ડાહ્યાભાઈ ચાવડા, રહે.૫૮ વિસ્તાર ખેડબ્રહમાનાઓ મારફતે કનેકશન કરાવેલ. વધુમાં સદરહુ સાહેદ તેમના પુરાવામાં ફોર્ચુનર ગાડીનો નંબર પણ જણાવતા નથી. વધુમાં આ સાહેદ ગાડી તથા આરોપીને ખેડબ્રહમા પોલીસ સ્ટેશને લઇ ગયેલાનું જણાવે છે જયારે ફરીયાદ હકીકત જોતાં બનાવ સ્થળે ગાડીનું તેમજ ગાડીમાંથી મળી આવેલ મુદ્દામાલનું પંચનામું કરેલાનું જણાવે છે. આમ, સદરહું સાહેદના પુરાવાથી ફરીયાદ હકીકતને સમર્થન મળતું નથી.

(૩૫).. વધુમાં, ફરીયાદપક્ષે આંક–૨૭ થી સાહેદ કુલદીપકુમાર કીકમભાઇનો પુરાવો રજુ થયેલ છે. સદરહું સાહેદ તેમના પુરાવામાં એવું જણાવે છે કે, બનાવ સમયે તેઓ ખેડબ્રહમા પો. સ્ટે. માં પી.એસ.ઓ. તરીકે ફરજ ઉપર હતા તે દરમ્યાન એલ.સી.બી. પી.એસ.આઇ. ટી.જે. દેસાનાઓએ પી.આઇ. જે.એ. રાઠવા સમક્ષ સ્થળ ઉપરની ફરીયાદ આપેલ. જે તેઓની સમક્ષ રજુ કરેલી. જે ફરીયાદ તેઓએ સ્ટેશન ડાયરીમાં નોંધી પો. સ્ટે. માં રજી. ચઢાવી આગળની તપાસ માટે મોકલી આપેલ. આમ, સદરહું સાહેદનો

પુરાવો ધ્યાને લેતાં તેઓએ ફરીયાદ મુજબનો ગુનો રજીસ્ટર્ડ કર્યા સીવાય અન્ય કોઇ કાર્યવાહી કરેલ હોય તેવું જણાઇ આવતું નથી.

**(૩૬)..** વધુમાં, ફરીયાદપક્ષે આંક–૩૦ થી સાહેદ સ્વપ્નીલ જીતેન્દ્રભાઇ પંડયાનો પુરાવો રજુ થયેલ છે. સદરહું સાહેદનો પુરાવો ધ્યાને લેતાં સદર સાહેદ આ કામે ગુનાની તપાસ કરનાર પ્રથમ તપાસ કરનાર અધિકારી છે. તેઓ તેમના પુરાવામાં મુદામાલ દેશી બનાવટની બંદૂક કબજે લીધેલાનું જણાવે છે. જયારે ફરીયાદ મુદામાલમાં દેશી બનાવટની પીસ્તોલ કબજે લીધેલ હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદમાં પીસ્તોલ મળી આવેલાનું જણાવે છે, જયારે સદરહુ ત.ક.અમલદાર મુદામાલ તરીકે બંદૂક હોવાનું જણાવે છે. બંદૂક અને પીસ્તોલમાં ઘણો બધો ફરક હોય છે. બંદૂક લંબાઇમાં મોટી હોય છે, જયારે પીસ્તોલ લંબાઇમાં નાની હોય છે. વધુમાં સદરહુ ત.ક.અમલદાર તેમના પુરાવામાં ફોર્ચ્યુનર ગાડીનો નં.જી.જે.૧.આર.પી.૯૧૬૯ નો જણાવે છે. જયારે ફરીયાદમાં ગાડીના બે અલગ અલગ નંબર જણાવવામાં આવેલ છે. ફરીયાદમાં પેજ નં.૩ ઉપર ફોર્ચ્યુનર ગાડીનો નં.જી.જે.૦૧.આર.પી.૯૫૬૫ નો જણાવેલ છે, જયારે ફરીયાદના પેજ નં.૫ ઉપર ફોર્ચ્યુનર ગાડીનો નં.જી.જે.૦૧.આર.પી.૯૫૬૯ નો જણાવેલ છે. જયારે સદર સાહેદ આ કામના ત.ક.અમલદાર છે અને તેઓ તેમના પુરાવામાં ફોર્ચ્યુનર ગાડીનો નં.જી.જે.૧.આર.પી.૯૧૬૯ નો હોવાનું જણાવે છે. વધુમાં સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતાં બનાવમાં ગાડીના માલીક ચાર વાર બદલાયેલ હોવાનું જણાવેલ છે, પરંતુ ગાડીના કોઇ માલીકના નિવેદન આ કામે ચાર્જશીટ સાથે રજુ રાખેલ નથી કે ચાર્જશીટમાં સદર ગાડીના માલીકોને સાહેદ તરીકે દર્શાવેલ નથી કે ફરીયાદપક્ષે ફોર્ચ્યુનર ગાડીના એકપણ માલીકને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. આમ, સદરહુ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ હકીકત અને તેમના પુરાવામાં મુદામાલ હથિયાર અને ગાડીના નંબર બાબતે વિરોધાભાસ જણાઇ આવે છે.

(૩૭).. વધુમાં, ફરીયાદપક્ષે આંક–૩૧ થી સાહેદ જીગ્નેશકુમાર અમરસિંહ રાઠવાનો પુરાવો રજુ થયેલ છે. સદરહું સાહેદનો પુરાવો ધ્યાને લેતાં સદર સાહેદનાઓ બનાવ સમયે ખેરોજ પો. સ્ટે.માં પી.આઇ. તરીકે ફરજ બજાવતા હતા અને તેઓએ આ કામે ગેઝેટેડ અધિકારી તરીકે સ્થળ ઉપર જઇ પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલ હોવાનું જણાય છે. સદર સાહેદ તેમના પુરાવામાં ફોર્ચ્યુનર ગાડીનો નંબર જણાવતા નથી. તેમજ બનાવ સ્થળે લાઇટની વ્યવસ્થા કરેલાની કોઇ હકીકત જણાવતા નથી. સદર સાહેદ ગાડીમાં તપાસ કરતાં ડ્રાઇવરની સીટની બાજુમાં આવેલ ગીયર બોક્ષની પાછળ એક ઢાંકણા વાળી ડેકી આવેલ હતી અને તેમાં તપાસ કરતા એક હાથ બનાવટની પીસ્તોલ મળી આવેલાનું જણાવે છે. જયારે આ કામે આંક–૩૬ થી રજુ થયેલ એફ.એસ.એલ. અધિકારીનો સ્થળ પરીક્ષણ અહેવાલ ધ્યાને લેતાં ગાડીના આગળના ભાગેથી દેશી બનાવટની પીસ્તોલ મળી આવેલાનું જણાવેલ છે. વધુમાં એફ.એસ.એલ. અધિકારી એસ.એમ. ધનગરનાઓ પણ તેમના પુરાવામાં ફોર્ચ્યુનર ગાડીના આગળના ભાગે ચેક કરતાં ડેસ બોર્ડમાંથી એક દેશી બનાવટની પીસ્તોલ મળી આવેલાનું જણાવેલ છે. આમ, મુદ્દામાલ પીસ્તોલ ગાડીના કયા ભાગમાંથી મળી આવેલ તે બાબતે મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે છે અને સદરહું ત.ક.અમલદારના પુરાવામાં અને એફ.એસ.એલ. અધિકારીના પુરાવામાં વિરોધાભાસ જણાઇ આવે છે.

(૩૮).. વધુમાં, ફરીયાદપક્ષે આંક–૩૭ થી સાહેદ જીતેન્દ્રકુમાર પ્રેમજીભાઇ ચૌધરીનો પુરાવો રજુ થયેલ છે. સદરહું સાહેદનો પુરાવો ધ્યાને લેતાં સદર સાહેદનાઓ આ કામે બીજા ત.ક.અમલદાર છે. અગાઉના ત.ક.અમલદાર એસ.જે. પંડયાની બદલી થતાં સદરહું ત.ક.અમલદારનાઓએ આ ગુનાની આગળની તપાસ કરી આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલાનું જણાવે છે. સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ આ કામે નાસતા ફરતા આરોપીને પકડવા તજવીજ કરેલ. તે સીવાય કોઇ કાર્યવાહી કરેલ હોય તેવું જણાવતા નથી. વધુમાં સદર સાહેદનાઓએ કોઇ સાહેદોના નિવેદનો લીધેલ નથી કે કોઇ પંચનામા કરેલ નથી. અગાઉના

ત.ક.અમલદારનાએ કરેલ તપાસના કાગળો આધારે સદરહુ સાહેદનાઓએ હાલના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલાનું જણાઇ આવે છે.

(૩૯).. વધુમાં, ફરીયાદપક્ષે આંક–૩૮ થી સાહેદ જયદીપકુમાર રઘુનાથ દેસાઇનો પુરાવો રજુ થયેલ છે. સદરહું સાહેદનો પુરાવો ધ્યાને લેતાં સદરહું સાહેદ બનાવ સમયે ખેડબ્રહમા પો. સ્ટે.માં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા અને તેઓના ઉપર એલ.સી.બી. પી.એસ.આઇ. ટી.જે. દેસાઇ નાઓનો ફોન આવતા તેઓ ફોર્ચુનર ગાડીની નાકાબંધીમાં ઉભા રહેલાનું જણાઇ આવે છે. સદરહું સાહેદ તેમના પુરાવામાં એવું જણાવે છે કે, આ સમયે બનાવ સ્થળે એલ.સી.બી. પી.એસ.આઇ. ટી.જે. દેસાઇ તેમના સ્ટાફ સાથે સ્થળ ઉપર હાજર હતા. મારી હાજરીમાં ગાડીની તપાસ કરવામાં આવેલી અને આ ગાડીમાં પોશડોડાના કોથળા ભરેલ હતા જે આશરે ૪૦૦ કિ.ગ્રા. વજનના હતા. આ ગાડીમાંથી એક નાની પીસ્તોલ દેશી બનાવટની પણ મળી આવેલ. જયારે ફરીયાદીની ફરીયાદ જોતાં હાલના સાહેદ ગાડી પકડાયા બાદ તેઓને સ્થાનિક બંદોબસ્તમાં સરકારી કામે જવાનું હોય તેઓ અને તેમની સાથેના એ.એસ.આઇ. વિષ્ણુભાઇનાઓ જતા રહેલા. ત્યાર બાદ રાજયપત્રીત અધિકારી તરીકે ખેરોજ પો. સ્ટે. ના પી.આઇ. તેમજ એફ.એસ.એલ. અધિકારી ધનગરનાઓ સ્થળ ઉપર આવેલા અને તેઓએ ફોર્ચુનર ગાડીની પંચો રૂબરૂ તપાસ કરતા ગાડીમાંથી મુદામાલ પીસ્તોલ મળી આવેલાનું જણાઇ આવે છે. જયારે સદર સાહેદ તેમના પુરાવામાં એવું જણાવે છે કે, તેઓની હાજરીમાં ગાડીની અંદર તપાસ કરવામાં આવેલી અને આ ગાડીમાં પોશડોડાના કોથળા આશરે ૪૦૦ કિ.ગ્રા. વજનના હતા અને ગાડીમાંથી એક નાની પીસ્તોલ દેશી બનાવટની મળી આવેલી. આમ, સદરહું સાહેદનો પુરાવો ધ્યાને લેતાં ગેઝેટેડ અધિકારી તેમજ એફ.એસ.એલ. અધિકારી આવ્યા પહેલા તેઓએ ગાડીમાં દેશી બનાવટની પીસ્તોલ જોયેલ હોવાનું જણાઇ આવે છે. જયારે આ કામે રજુ થયેલ આંક–૨૧ વાળી ફરીયાદ તથા આંક–૧૧ વાળું પંચનામું ધ્યાને લેતાં ગેઝેટેડ અધિકારી તથા એફ.એસ.એલ. ના અધિકારીની હાજરીમાં ગાડીની તપાસ કરતાં તેમાંથી પીસ્તોલ મળી

આવેલાનું જણાઇ આવે છે. આમ, સદરહું સાહેદના પુરાવામાં અને ફરીયાદ હકીકતમાં વિરોધાભાસ જણાઇ આવે છે.

**(૪૦)..** વધુમાં, ફરીયાદપક્ષે આંક-૪૦ થી સાહેદ નિકીતાબેન કેશવલાલ ચૌધરીનો પુરાવો રજુ થયેલ છે. સદરહું સાહેદનો પુરાવો ધ્યાને લેતાં સદરહુ સાહેદનાઓએ આ કામે મળી આવેલ મુદ્દામાલ દેશી બનાવટની પીસ્તોલનું પરીક્ષણ કરેલ હોવાનું જણાઇ આવે છે. સદરહું સાહેદના પુરાવામાં તેઓને સર્કલ પો. ઇ. નાઓએ જે સીલબંધ પાર્સલ તા.૩૧/૩/૨૩ ના પત્ર જા.નં.૨૩૩/૨૨ થી મોકલી આપેલ. જે તા.૩૧/૩/૨૩ ના રોજ તેઓના વિભાગને મળેલ હોવાનું જણાવેલ છે. આમ તા.૩૧/૩/૨૩ ના પત્રમાં જા.નં.૨૩૩/૨૨ નાખેલ હોવાનું જણાઇ આવે છે. વધુમાં સદરહું સાહેદ તેમની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં એવું જણાવે છે કે, જો જાવક નંબર બદલાઇ જાય તો મુદ્દામાલનો પ્રકાર પણ બદલાઇ શકે. આમ, સદરહુ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં ખેડબ્રહમા પો. સ્ટેશન ધ્વારા મોકલી આપવામાં આવેલ મુદ્દામાલ દેશી બનાવટની પીસ્તોલનું તેઓએ પરીક્ષણ કરી તેનો અભિપ્રાય મોકલી આપેલ હોવાનું જણાય છે, પરંતુ આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ અન્ય પુરાવા ધ્યાને લેતાં હાલના આરોપીના કબજાની ગાડીમાંથી મુદ્દામાલ પીસ્તોલ ફરીયાદમાં જણાવ્યા મુજબની જગ્યાએથી મળી આવેલાનું નિ:શંકપણે પુરવાર થતું નથી. તેમજ ગાડીના નંબરમાં પણ વિરોધાભાસ જણાઇ આવે છે. જેથી માત્ર એફ.એસ.એલ. પરીક્ષણ અહેવાલ ઉપર આધાર રાખી આરોપીને કસુરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૪૧)..** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત મુજબના પુરાવાનું એકબીજા સાથે બારીકાઇથી મુલ્યાંકન કરતા પંચો તેમના પુરાવામાં ગાડી ખુલેલી હાલતમાં હોવાનું જણાવે છે. જયારે ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં ફરીયાદમાં એવું જણાવેલ છે કે, ''આપ સાહેબે પંચો તથા સદરી ગીરધારીરામને સાથે રાખી ફોર્ચ્યુનર ગાડી જોતાં સફેદ કલરની ફોર્ચ્યુનર ગાડી પશ્ચીમના મોઢામાં ઉભેલ હોય જેની આગળ પાછળ નંબર પ્લેટ ઉપર લખેલ નંબર જોતાં જી.જે.૦૧.આર.પી.૯૫૬૫ નો લખેલ હોય, સદરી ગાડીના

પાછળનો દરવાજો તથા ડ્રાઈવીંગ સીટ પાછળના બંને સાઈડના દરવાજા ખોલી જોતાં અંદર કાળા કલરના પ્લાસ્ટીકના કોથળા આડા ગોઠવેલા હતા જેમાં કંઈક ભરેલ હોવાનું જણાતા જે કોથળા ઉતારી ગણી જોતાં વીસ કોથળા હોય જે કોથળા ખોલી જોતાં અંદર સુકા પીળાશ પડતાં વનસ્પતીજન્ય માદક પદાર્થ ભરેલ હોવાનું જણાયેલ. જેથી હાજર એફ.એસ.એલ. અધિકારી એસ.એમ. ધનગરનાઓએ કોથળામાં રહેલ વનસ્પતીજન્ય પદાર્થને ઉપર નીચે કરી વચ્ચેના ભાગેથી થોડો જથ્થો લઈ તેઓની પાસે રહેલ નાર્કોટીક ટેસ્ટ કીટ વડે પરીક્ષણ કરતા સદરી માદક પદાર્થ પોશડોડા હોવાનું પંચો રૂબરૂ જણાવેલ.'' આમ, ફરીયાદની આ હકીકત ધ્યાને લેતાં ફોર્ચુનર ગાડી બંધ હાલતમાં જણાય છે, જયારે પંચો ગાડી ખુલેલ હાલતમાં હોવાનું જણાવે છે. વધુમાં ફરીયાદપક્ષે આંક–૩૬ થી રજુ થયેલ એફ.એસ.એલ. અધિકારીનો સ્થળ પરીક્ષણ અહેવાલ ધ્યાને લેતાં તેમાં એફ.એસ.એલ. અધિકારીએ એવું જણાવેલ છે કે, સદર ગાડીનો પાછળનો દરવાજો ખોલી ત.ક.અધિકારીશ્રીએ કાળા રંગના પ્લાસ્ટીકના કોથળા ભરેલ હાલતમાં બતાવતાં આમ એફ.એસ.એલ. અધિકારીનો સ્થળ પરીક્ષણ અહેવાલ ધ્યાને લેતાં ગાડી બંધ હાલતમાં હોવાનું જણાવે છે, જયારે પંચો ગાડી ખુલેલ હાલતમાં જણાવે છે. વધુમાં ફરીયાદમાં પેજ નં.૩ ઉપર ગાડીનો નંબર જી.જે.૦૧.આર.પી.૯૫૬૫ નો જણાવેલ છે, જયારે એફ.એસ.એલ. અધિકારીના સ્થળ પરીક્ષણ અહેવાલમાં ગાડીનો નં.જી.જે.૦.આર.પી.૯૫૬૯ જણાવેલ છે. આમ, ફરીયાદીની ફરીયાદ અને એફ.એસ.એલ. અધિકારીના સ્થળ પરીક્ષણ અહેવાલમાં ગાડીના નંબરમાં વિરોધાભાસ જણાઈ આવે છે. વધુમાં આંક–૨૧ ની ફરીયાદ તથા આંક–૧૧ નું પંચનામું ધ્યાને લેતાં તેમાં એવું જણાવે છે કે, ''સદરહુ જગ્યાએ પહોંચી લેપટોપ તથા પ્રિન્ટર માટે તેમજ કાર્યવાહી કરવા સારૂ જરૂર જણાયે ઈલેકટ્રીક કરંટનો ઉપયોગ કરવા સારૂ નજીકમાં આવેલ અશોકભાઈ નટુભાઈ પટેલના નવા બનતા ગોડાઉનમાંથી ઈલેકટ્રીક વાયરથી જીતુભાઈ ડાહ્યાભાઈ ચાવડાનાઓ મારફતે કનેકશન કરાવેલ.'' આંક–૧૧ નું પંચનામું ધ્યાને લેતાં પણ સદર પંચનામું તા.૨૮/૦૩/૨૦૨૩ ના કલાક ૨૨–૧૫ વાગે એટલે કે રાત્રીના સમયે પુરુ થયેલ હોવાનું જણાય છે. જયારે આ

કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ આંક–૧૦ ના પંચ સાહેદ તથા આંક–૧૭ ના સાહેદ એ.એસ.આઇ. યુનુસભાઇ, આંક–૧૮ ના સાહેદ અ.પો.કો. ગોપાલભાઇ, આંક–૧૯ ના ફરીયાદી તેજસકુમાર, આંક–૨૧ ના સાહેદ એ.એસ.આઇ. વિષ્ણુભાઇ, આંક–૨૨ ના સાહેદ આ.પો.કો. વાસુભાઇ, આંક–૨૩ ના સાહેદ ડ્રાઇવર નિલેશકુમાર, આંક–૨૫ ના સાહેદ અ.પો.કો. વિક્રમસિંહ, આંક–૨૬ ના સાહેદ ડ્રાઇવર વિપુલસિંહ નાઓ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં અશોકભાઇ નટુભાઇ પટેલના નવીન બનતા ગોડાઉનમાંથી ઇલેકટ્રીક કનેકશન લીધેલાની કોઇ જ હકીકત જણાવતા નથી. વધુમાં આ કામે ગેઝેટેડ ઓફીસર તરીકે કામગીરી કરનાર અને પંચો રૂબરૂ પંચનામું કરનાર તેમજ મુદ્દામાલ કબજે લેનાર પી.આઇ. શ્રી જે.એ. રાઠવાનાઓ તેમની આંક–૩૧ ની જુબાનીમાં પણ બનાવ સ્થળે ઇલેકટ્રીક કનેકશનની વ્યવસ્થા કરેલાની કોઇ જ હકીકત તેમની જુબાનીમાં જણાવતા નથી. વધુમાં આ કામે આરોપી વિરૂધ્ધ કરવામાં આવેલ ચાર્જશીટ ધ્યાને લેતાં ફરીયાદમાં જણાવેલ ગોડાઉનના માલીક કે ઇલેકટ્રીક કરંટની વ્યવસ્થા કરી આપનાર ઇસમને સાહેદ તરીકે દર્શાવેલ નથી. આમ, આ કામે સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં ત.ક.અમલદારે પોલીસ સાહેદ સીવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી કે આવા સ્વતંત્ર સાહેદોને ચાર્જશીટમાં સાહેદો તરીકે દર્શાવેલ નથી. વધુમાં આ કામે કબજે લેવામાં આવેલ પીસ્તોલ ઉપર હાલના આરોપીની ફીંગર પ્રિન્ટ મળી આવેલ હોય તેવું પણ જણાતું નથી. ફરીયાદીની ફરીયાદ જોતાં આરોપી સાથે અન્ય એક આરોપી હતો અને તે ભાગી ગયેલ તેવો ફરીયાદીનો કેસ છે. જેથી ફરીયાદમાં જણાવ્યા મુજબની ગાડીમાં જે ગીયરની પાછળ આવેલ ડેકીમાંથી પીસ્તોલ મળી આવેલ છે તે પીસ્તોલની જાણ હાલના આરોપીને ન પણ હોઇ શકે તેવું માનવાને કારણ રહે છે. ફોજદારી કેસમાં જો પ્રોસીકયુશન આરોપી પરનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ જાય તો આરોપીને બેનીફીટ ઓફ ડાઉટનો લાભ મળવો જોઇએ. ધી આર્મ્સ એકટની કલમ–૨૫ હેઠળ આરોપીને દોષિત ઠેરવવા માટે આરોપીને હથિયાર વિશે જ્ઞાન હતુ અને તેના ઉપર નિયંત્રણ હતુ તે નિ:સંદેહ રીતે ફરીયાદપક્ષે પુરાવાથી પુરવાર કરવું પડે. આ તમામ હકીકતો

ધ્યાને લેતાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીને બેનીફીટ ઓફ ડાઉટ નો લાભ આપવો ન્યાયોચિત જણાતું હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

**(૧)..** ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) નાં પ્રબંધો અનુસાર આ કામના આરોપી ગીરધારીરામ જોગારામ ગોદારા (જાટ), રહે.ગોદારોકી ઢાણી, આદર્શ ચુલી, બાડમેર, તા.જી.બાડમેર (રાજસ્થાન) નાઓને ધી આમ્સ એકટ, ૧૯૫૯ ની કલમ–૨૫(૧–બી)એ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)..** આ કામનો મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ ક્રિમીનીલ મેન્યુઅલના પેરા–૨૩૪ મુજબ રાજય પોલીસ મ્યુઝીયમ, અમદાવાદ નાઓને પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા–હિંમતનગર મારફતે મોકલી આપવા પી.આઇ. શ્રી ખેડબ્રહમા પો. સ્ટેશનાઓએ કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)..** સદર કામનો આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હોય ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આ કામના આરોપીએ અપીલ સમય સુધીનો રૂા.૨૫,૦૦૦/– નો જાત મુચરકો રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૫ મી, માહે : જુન, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૫/૦૬/૨૦૨૬
સ્થળ–ખેડબ્રહમા

**(કે. જે. રાઠોડ)**
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ખેડબ્રહમા.
**JUDGE CODE NO.GJ00875**

//A.B.K//